# مكارم الأخلاق
# શ્રેષ્ઠ શિષ્ટાચાર

# શ્રેષ્ઠ શિષ્ટાચાર

મુહમ્મદ બિન્ સોલિહ અલ્ ઉષૈમીન

આ પુસ્તિકામાં અલ્લાહ અને લોકો સાથેના વ્યવહારમાં સારા અખ્લાક વિશે વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં અલ્લાહના આદેશો અને તેના હુકમોને રાજી ખુશીથી સ્વીકારવા અને તેની તકદીર પર સબ્ર કરવાની અનિવાર્યતા સ્પષ્ટ કરવામાં આવી છે. તેમજ આ પુસ્તિકામાં નબી ﷺ ની પવિત્ર સીરતના ઉદાહરણોની સાથે અન્ય લોકો સાથેના વ્યવહારમાં સારા અખ્લાકના ક્ષેત્રો જેમ કે: તકલીફ આપવાથી બચવું, ઉદારતા કરવી અને હસતા મોઢે મળવાનું પણ વર્ણન કરવામાં આવ્યું છે.

## શ્રેષ્ઠ શિષ્ટાચાર

ફઝીલતુશ્ શૈખ અલ્લામહ

મુહમ્મદ બિન્ સોલિહ અલ્ ઉષૈમીન

અલ્લાહ તેમને તેમના માતા-પિતાને અને દરેક મુસલમાનોને માફ કરે

## "બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" (શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે)

અલ્લાહ તઆલાએ તેમને હિદાયત અને સાચો દીન આપી મોકલ્યા કે તે દીનને દરેક દીન ઉપર પ્રભાવિત કરી દે, અલ્લાહ તઆલાએ તેમને કયામત આવતા પહેલા ખુશખબર આપનાર અને સચેત કરનાર તેમજ લોકોને અલ્લાહના હુકમથી તેની તરફ બોલાવનાર સ્પષ્ટ પ્રકાશ બનાવીને મોકલ્યા, તેમણે રિસાલત (સંદેશો) પહોંચાડી દીધી, અમાનત અદા કરી દીધી, ઉમ્મતની ભલાઈ ઇચ્છી, અને અલ્લાહના માર્ગમાં જેવો જિહાદ કરવાનો હક હતો તેવો જિહાદ કર્યો ત્યાં સુધી કે તેમને મૃત્યુ આવી ગયું, અને અલ્લાહએ પોતાના બંદાઓ માંથી જેના પ્રત્યે ઈચ્છા કરી તેને તૌફીક આપી, જેથી તેણે તેમની દઅવત સ્વીકારી, અને તેમના માર્ગદર્શનથી હિદાયત મેળવી, અને અલ્લાહએ પોતાની હિકમતથી પોતાના બંદાઓ માંથી જેના પ્રત્યે ઇચ્છયું તેને વંચિત રાખ્યો, જેથી તેણે તેમનું આજ્ઞાપાલન કરવામાં ઘમંડ કર્યું, તેમની વાતોને જૂઠલાવી, અને તેમના આદેશોની

અવજ્ઞા કરી, પરિણામે તે નુકસાન અને અત્યંત ગુમરાહીમાં પડી ગયો. ખરેખર દરેક પ્રકારની પ્રશંસા ફક્ત અલ્લાહ માટે જ છે, આપણે તેની પ્રશંસા કરીએ છીએ, અને તેની પાસે જ મદદ માંગીએ છીએ, અને તેની પાસે જ માફી માંગીએ છીએ, અને તેની તરફ જ તૌબા કરીએ છીએ, અને આપણે પોતાના નફસની દુષ્ટતા તેમજ આપણાં ખરાબ કાર્યોથી અલ્લાહની પનાહ માંગીએ છીએ, જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ નથી કરી શકતો, અને જેને તે ગુમરાહ કરી દે તેને કોઈ હિદાયત આપી શકતું નથી, અને હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઇલાહ નથી, તે એકલો જ છે, તેનો કોઈ ભાગીદાર નથી, અને હું ગવાહી આપું છું કે મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે.

ત્યાર બાદ: મને આનંદ થશે કે હું  આ મુલાકાત (પ્રવચન) માં શ્રેષ્ઠ અખ્લાક વિશે વાત કરું.[1]

[1] આ મુલાકાત ઉનૈઝા વૈજ્ઞાનિક સંસ્થાના સમર કેમ્પમાં થઈ હતી.

અને અખલાક - જેમ કે વિદ્વાનો કહે છે -: તે મનુષ્યનું આંતરિક સ્વરૂપ છે; કારણ કે મનુષ્યના બે સ્વરૂપ હોય છે:

બાહ્ય સ્વરૂપ: તે તેના સર્જકે આપેલ રચનાનો આકાર છે, જેના પર અલ્લાહએ શરીરને બનાવ્યું છે અને આપણે સૌ જાણીએ છીએ કે આ બાહ્ય સ્વરૂપમાંથી કેટલીક સુંદર અને સારી હોય છે, અને કેટલીક કદરૂપી અને ખરાબ હોય છે, અને કેટલીક તેની વચ્ચેની હોય છે.

અને તેવી જ રીતે આંતરિક સ્વરૂપ સારા અને ખરાબ સ્વરૂપમાં વહેંચાયેલું છે, અને તેને જ અખ્લાક કહેવામાં આવે છે, તો અખ્લાક તે આંતરિક સ્વરૂપ છે, જેના પર મનુષ્યને ઘડવામાં આવ્યો છે.

અને શું અખ્લાક જન્મજાત છે કે પ્રાપ્ત કરેલ?

જવાબ: નિઃશંકપણે કેટલાક અખ્લાક જન્મજાત હોય છે, અને કેટલાક પ્રાપ્ત કરેલા હોય છે. જેમ કુદરતી અખ્લાક (સ્વભાવગત) હોય છે, એવી જ રીતે તે પ્રાપ્ત કરેલા પણ હોઈ શકે છે. અર્થાત્ માણસ જેવી રીતે કુદરતી સ્વભાવથી જ સુંદર અને સારા અખ્લાક ધરાવતો હોય છે, એવી જ રીતે તે પ્રયત્ન અને મહાવરા દ્વારા પણ

અખ્લાક પ્રાપ્ત કરી શકે છે; અને એટલા માટે જ આપ ﷺ એ અશજ્જ અબ્દુલ કૈસને કહ્યું:

«إِنَّ فِيكَ خَلَّتَيْنِ يُحِبُّهُمَا اللَّهُ: الْحِلْمَ وَالْأَنَاةَ». قَالَ: يَا رَسُولَ اللَّهِ! أَنَا أَتَخَلَّقُ بِهِمَا، أَمِ اللَّهُ جَبَلَنِي عَلَيْهِمَا؟ قَالَ: «بَلِ اللَّهُ جَبَلَكَ عَلَيْهِمَا». قَالَ: الْحَمْدُ لِلَّهِ الَّذِي جَبَلَنِي عَلَى خَلَّتَيْنِ يُحِبُّهُمَا اللَّهُ وَرَسُولُهُ [2].

«તમારામાં બે ખૂબીઓ એવી છે, જે અલ્લાહ તઆલાને પસંદ છે: સહનશીલતા અને ધૈર્ય». તેમણે કહ્યું: હે અલ્લાહના પયગંબર! શું મેં આ બંનેને જાતે અપનાવી છે, કે અલ્લાહ તઆલાએ મને આ બંને પર પેદા કર્યો છે? આપે કહ્યું: «પરંતુ અલ્લાહ તઆલાએ તમને આ બંને પર પેદા કર્યા છે». તેમણે કહ્યું: દરેક પ્રકારની પ્રશંસા અલ્લાહ માટે છે જેણે મને એવી બે ખૂબીઓ પર પેદા કર્યો, જે અલ્લાહ અને તેના પયગંબરને પસંદ છે.[1]

[1] સુનન અબૂ દાવૂદ, કિતાબિ: અલ્ અદબ, પાઠ: ફી કબીલતિર્ રજુલ, હદીષ નંબર: (૫૨૨૫), ઝારિઅ રઝી અલ્લાહુ અન્હુની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે, અને તેઓ અબ્દુલ કૈસના વફદમાં હતા, અને તિર્મિઝી, અબ્વાબ: અલ્ બિર્રિ વસ્ સિલાહ, પાઠ: મા જાઅ ફીલ્ અનાતિ વલ્ અજલતિ, હદીષ નંબર: (૨૦૧૧), ઇબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમાની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે.

તો આ એ વાતની દલીલ છે કે શ્રેષ્ઠ અને ઉત્તમ અખ્લાક કુદરતી (જન્મજાત) પણ હોય છે અને પ્રયત્નપૂર્વક કેળવેલા પણ હોય છે, પરંતુ કુદરતી સ્વભાવ - નિઃશંકપણે - કેળવેલા સ્વભાવ કરતાં વધુ સારો છે; કારણ કે અખ્લાક જ્યારે કુદરતી હોય છે, ત્યારે તે માણસની આદત અને તેનો સ્વભાવ બની જાય છે, તેના અમલ માટે કોઈ કષ્ટ ઉઠાવવાની જરૂર પડતી નથી, અને તેના અમલમાં કોઈ બનાવટ (દેખાડો) કરવાની જરૂર પડતી નથી. પરંતુ આ અલ્લાહની કૃપા છે, તે જેને ઈચ્છે તેને આપે છે, અને જે તેનાથી વંચિત રહી જાય - એટલે કે: જે કુદરતી સ્વભાવ દ્વારા મળતા અખ્લાકથી વંચિત રહી જાય - તો તે તેને કેળવણીના માર્ગે પ્રાપ્ત કરી શકે છે, અને આ તાલીમ અને મહાવરા (સતત અભ્યાસ) દ્વારા થઈ શકે છે, જેમ કે અમે આગળ તેનું વર્ણન કરીશું - ઇન્ શાઅ અલ્લાહ તઆલા -.

અહીં એક મસ્અલો છે, અને તે એ કે: બન્ને માંથી શ્રેષ્ઠ કોણ છે: એક વ્યક્તિ જેના સ્વભાવમાં જ સારા અખ્લાક છે, અને બીજી વ્યક્તિ જે સારા અખ્લાક અપનાવવા માટે પોતાના નફ્સ સાથે સંઘર્ષ કરે છે, તો આ બન્ને માંથી કોનો દરજ્જો ઉચ્ચ છે અને કોનો સવાબ વધારે છે?

આ બાબતે અમે કહીએ છીએ કે: એમાં કોઈ શંકા નથી કે જે બંદો સ્વભાવિક રીતે જ સારા અખ્લાક ધરાવતો હોય, તે અખ્લાક અપનાવવાની દૃષ્ટિએ, અથવા તેનામાં અખ્લાક મોજૂદ હોવાની દૃષ્ટિએ વધારે સારો છે; કારણ કે તેને કોઈ મહેનત કે તકલીફની જરૂર પડતી નથી, અને અમુક પરિસ્થિતિઓ અને સ્થાનો પર તે (સારા અખ્લાક) તેનાથી છૂટી જતાં નથી; કેમ કે સારા અખ્લાક તેનો સ્વભાવ અને આદત છે, તેથી તમે ગમે તે સમયે તેની સાથે મુલાકાત કરો, તમે તેને સારા અખ્લાકવાળો જ જોશો, અને ગમે તે સ્થળે તેની સાથે મુલાકાત કરો, તમે તેને સારા અખ્લાકવાળો જ જોશો, અને ગમે તે સ્થિતિમાં તેની સાથે મુલાકાત કરો, તમે તેને સારા અખ્લાકવાળો જ જોશો, તેથી આ દૃષ્ટિએ તે નિઃશંકપણે વધારે શ્રેષ્ઠ ગણાશે.

અને રહી વાત તે અખ્લાકની જે પ્રયત્નપૂર્વક સ્વભાવમાં ઢાળવાથી, સુધારા અને મહાવરા અથવા તાલીમ દ્વારા પ્રાપ્ત થાય છે, તો મનુષ્યને પોતાના નફસ સાથે લડવાના કારણે તેના પર સવાબ મળે છે, પરંતુ અખ્લાકની સંપૂર્ણતાની દૃષ્ટિએ તે પ્રથમ પ્રકાર કરતાં ઘણો નીચો છે.

તો જ્યારે માણસને સ્વભાવથી અને કેળવણીથી એમ બંને પ્રકારના ગુણો એકસાથે પ્રાપ્ત થાય છે, તો તે સૌથી પૂર્ણ હોય છે, અને તેના ચાર પ્રકાર છે:

૧- જે સારા અખલાકથી વંચિત રહ્યો.

૨- જે વ્યક્તિના સ્વભાવમાં તે જન્મજાત હોય, પરંતુ તે માત્ર પોતાના જન્મજાત સ્વભાવ પૂરતો જ સીમિત રહ્યો હોય.

૩- અને જે વ્યક્તિને તે કુદરતી રીતે મળ્યું હોય અને તે પોતાની મહેનતથી તેમાં વધારો કરે.

૪- અને જેને તે જન્મજાત ન મળ્યું હોય, પરંતુ તેણે તેને પોતાની મહેનતથી મેળવ્યું હોય.

તો વાતનો સારાંશ એ છે કે: સારા અખ્લાકની બાબતમાં, જેનામાં તે સ્વાભાવિક રીતે જ હોય તે વધુ સંપૂર્ણ છે, પરંતુ સારા અખ્લાક પ્રાપ્ત કરવામાં આવતી વેદના અને મુશ્કેલીની દ્રષ્ટિએ, જે વ્યક્તિ તેને પોતાના પ્રયત્નો દ્વારા અપનાવે છે, તેને મુજાહદાનો અજર મળે છે.

અહીં એક પ્રશ્ન છે: શું એવા કોઈ અખ્લાક છે, જે કુરઆન અને સુન્નતમાં નથી, અને તેને જાણવાનો માર્ગ શું છે?

જવાબ: નબી અલૈહિસ્ સલાતુ વસલ્લામએ કહ્યું:

«إِنَّمَا بُعِثْتُ لِأُتَمِّمَ مَكَارِمَ الأَخْلَاقِ» [3]؛

«મને ઉચ્ચ ચરિત્રને સંપૂર્ણ કરવા માટે મોકલવામાં આવ્યો છે»;[1] તેનું કારણ એ છે કે અલ્લાહએ બંદાઓ માટે પહેલાની જે પણ શરીઅતો નક્કી કરી છે, તે બધી સારા અખ્લાકની પ્રેરણા આપે છે, અને આ જ કારણે આલિમોએ વર્ણન કર્યું છે કે સારા અખ્લાક એ છે જેના આદેશ પર બધી જ શરીઅતો એકમત હોય, પરંતુ આ સંપૂર્ણ શરીઅતમાં નબી ﷺ સારા અખ્લાક અને ચરિત્રની સંપૂર્ણતા લઈને આવ્યા.

અને આપણે આ માટે કિસાસ (બદલા) ના મામલાનું ઉદાહરણ લઈએ, અર્થાત: જો કોઈ વ્યક્તિ કોઈની સાથે ગુનોહ કરે, તો શું તેનાથી કિસાસ લેવામાં આવશે કે નહીં? તેઓએ ઉલ્લેખ કર્યો છે કે યહૂદીઓની શરીઅતમાં કિસાસ ફરજિયાત અને અનિવાર્ય છે, અને તેમાં પીડિત માટે કોઈ વિકલ્પ નથી, અને નસ્રાનીઓની શરીઅતમાં તેનાથી ઊલટું છે, અને તે ક્ષમા કરવાની અનિવાર્યતા

---

[1] મુસ્નદ અહમદ (૨/૩૮૧), અને બયહકી ફી સુનનિલ કુબ્રા (૧૦/૨૩૩), અને આ શબ્દો તેમના છે, અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

છે, પરંતુ આપણી શરીઅત બંને પાસાઓથી સંપૂર્ણ આવી છે; તેમાં કિસાસ પણ છે અને ક્ષમા પણ છે; કારણ કે ગુનેગારને તેના ગુના બદલ પકડવામાં દૃઢતા અને બુરાઈને અટકાવવાનું છે, અને તેને માફ કરવામાં ભલાઈ અને સુંદરતા છે, અને જેને તમે માફ કરો છો તેના પર ઉપકાર કરવો છે, તેથી આપણી શરીઅત - અલ્ હમ્દુ લિલ્લાહ - સંપૂર્ણ બનીને આવી છે, જેણે અધિકાર ધરાવનારને ક્ષમા કરવા અને બદલો લેવા વચ્ચે પસંદગી આપી છે; જેથી જ્યાં ક્ષમાનું સ્થાન હોય ત્યાં ક્ષમા કરે, અને જ્યાં બદલાનું સ્થાન હોય ત્યાં બદલો લે.

*

## સારા અખ્લાકના ક્ષેત્રો

ખરેખર, ઘણા લોકો એવું સમજે છે કે સારા અખ્લાક માત્ર સર્જન સાથેના વ્યવહાર પૂરતા મર્યાદિત છે, સર્જક સાથેના વ્યવહાર માટે નહીં. પરંતુ આ સમજ અધૂરી છે; કારણ કે સારા અખ્લાક જેવી રીતે સર્જન સાથેના વ્યવહારમાં હોય છે, એવી જ રીતે સર્જક સાથેના વ્યવહારમાં પણ હોય છે.

તેથી સારા અખ્લાકનો વિષય છે: સર્જક, મહાન અલ્લાહ સાથેનો વ્યવહાર, અને સર્જન સાથે પણ વ્યવહાર, અને આ બાબત પર ધ્યાન આપવું જોઈએ.

પહેલી બાબત: મહાન સર્જક (અલ્લાહ) સાથે વ્યવહારમાં સારા અખ્લાક:

સર્જનહાર સાથેના વ્યવહારમાં સારા અખ્લાકમાં ત્રણ બાબતોનો સમાવેશ થાય છે:

૧- અલ્લાહ તઆલાની વાતોને પુષ્ટિ સાથે સ્વીકારવી.

૨- તેના આદેશોને સ્વીકારીને તેના પર અમલ કરવો.

૩- તેણે ભાગ્યમાં જે કંઈ લખ્યું છે, તેને સબર અને ખુશીથી સ્વીકારવું.

આ ત્રણ વસ્તુઓ છે, જેના પર અલ્લાહ તઆલા સાથેના સારા અખ્લાકનો આધાર છે.

૧- તેમની વાતોની પુષ્ટિ કરવી, એવી રીતે કે મનુષ્યને મહાન અને ઉચ્ચ અલ્લાહએ વર્ણવેલ વાતોની પુષ્ટિ કરવામાં કોઈ શંકા કે સંકોચ ન થાય; કારણ કે અલ્લાહ તઆલાની વાતો જ્ઞાન પર આધારિત છે, અને તે પવિત્ર સૌથી વધુ સત્ય કહેનાર છે, જેવું કે અલ્લાહ તઆલાએ પોતાના વિશે કહ્યું:

﴿...وَمَنۡ أَصۡدَقُ مِنَ ٱللَّهِ حَدِيثٗا﴾

{...અલ્લાહ તઆલા સિવાય સાચી વાત બીજો કોની હોઇ શકે છે?} [અન્ નિસા: ૮૭].

અને અલ્લાહ તરફથી જાણવા મળેલ વાતોની સત્યતાની પુષ્ટિ કરવા માટે એ જરૂરી છે કે માણસ તેના પર વિશ્વાસ ધરાવતો હોય, તેનો બચાવ કરતો હોય, અને તેના વડે સંઘર્ષ કરતો હોય, એવી રીતે કે ઉચ્ચ મહાન અલ્લાહ તેના પયગંબર ﷺ તરફથી જાણવા મળેલ વાતોમાં તેના મનમાં કોઈ શંકા ન પ્રવેશે કે કોઈ શંકા પેદા ન કરી શકે.

અને જ્યારે બંદો આ અખ્લાક અપનાવે છે, તો તેના માટે એ શક્ય બની જાય છે કે તે દરેક એવી શંકાને દૂર કરી શકે જે અલ્લાહ અને તેના પયગંબર ﷺ ની વાતો પર વિરોધ કરનારાઓ દ્વારા ઊભી કરવામાં આવે છે, ભલે પછી તેઓ એવા મુસલમાનોમાંથી હોય જેમણે અલ્લાહના દીનમાં એવી વાતો પેદા કરી લીધી છે જે દીનનો હિસ્સો નથી, અથવા તો અન્ય મુલહિદો (નાસ્તિકો) માંથી હોય, જેઓ મુસલમાનોના દિલોમાં શંકાઓ નાખે છે.

અને ચાલો આ માટે એક ઉદાહરણ આપીએ: સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા રિવાયત છે કે નબી ﷺ એ કહ્યું:

«إِذَا وَقَعَ الذُّبَابُ فِي شَرَابِ أَحَدِكُمْ فَلْيَغْمِسْهُ، ثُمَّ لِيَنْزِعْهُ؛ فَإِنَّ فِي إِحْدَى جَنَاحَيْهِ دَاءً، وَالأُخْرَى شِفَاءً» [4].

«જ્યારે માખી તમારા માંથી કોઈના પીણામાં પડી જાય, તો તેને ડુબાડી દે, પછી તેને બહાર કાઢી લે; નિઃશંક તેની એક પાંખમાં બીમારી છે, અને બીજીમાં શિફા છે».[1]

તો આ એ વાત છે જે નબી ﷺ એ જણાવી છે, અને તે ગેબની વાતોમાંથી છે, આપ ﷺ પોતાની ઈચ્છાથી નથી બોલતા, પરંતુ આપ તે જ બોલે છે જે અલ્લાહ તઆલાએ આપ ﷺ પર વહી કરી છે; કારણ કે આપ માનવી છે, અને માનવી ગેબની વાતો નથી જાણતો, પરંતુ અલ્લાહ તઆલાએ આપ ﷺ ને કહ્યું છે:

﴿قُل لَّآ أَقُولُ لَكُمۡ عِندِي خَزَآئِنُ ٱللَّهِ وَلَآ أَعۡلَمُ ٱلۡغَيۡبَ وَلَآ أَقُولُ لَكُمۡ إِنِّي مَلَكٌۖ إِنۡ أَتَّبِعُ إِلَّا مَا يُوحَىٰٓ إِلَيَّۚ...﴾

---

[1] આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, પુસ્તક: બદઉલ્ ખલ્ક, પાઠ: ઇઝા વકઅઝ઼ ઝુબાબુ ફી શરાબિ અહદિકુમ ફલયગ્મિસ્હુ ફઇન્ન ફી ઇહદા જનાહયહિ દાઅન્ વફિલ્ ઉખરા શિફાઅ, હદીષ નંબર (૩૩૨૦), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુની હદીષમાંથી.

{(હે પયગંબર) તમે તેમને કહી દો કે ન તો હું તમને એવું કહું છું કે મારી પાસે અલ્લાહના ખજાના છે અને ન તો હું ગેબ (અદૃશ્ય) ની વાતો જાણું છું અને ન તો હું તમને એવું કહું છું કે હું ફરિશ્તો છું, હું તો ફકત જે મારી પાસે વહી આવે છે તેનું અનુસરણ કરૂં છું...} [અલ્ અન્આમ: ૫૦].

તો આ ખબર પ્રત્યે આપણા પર જરૂરી બને છે કે આપણે સારા ચરિત્ર સાથે પેશ આવીએ, અને આ ખબર પ્રત્યે સારૂં ચરિત્ર એ છે કે આપણે તેનો સ્વીકાર કરીએ, અને આપણે દ્રઢ વિશ્વાસ રાખીએ કે નબી ﷺ એ આ હદીષમાં જે કંઈ કહ્યું છે તે સત્ય અને સાચું છે, ભલેને વિરોધ કરવાવાળો તેનો વિરોધ કરે, અને આપણે સંપૂર્ણ ખાતરીપૂર્વક જાણી લઈએ કે જે કંઈ અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમથી સાબિત થયેલી વાતની વિરુદ્ધ હશે, તો તે અસત્ય છે; કારણ કે ઉચ્ચ અલ્લાહએ કહ્યું:

﴿...فَمَاذَا بَعۡدَ ٱلۡحَقِّ إِلَّا ٱلضَّلَٰلُۖ فَأَنَّىٰ تُصۡرَفُونَ﴾

{...સત્ય પછી પથભ્રષ્ટતા સિવાય હવે શું રહી ગયું, પછી તમે ક્યાં ભટકી રહ્યા છો?} [યૂનુસ: ૩૨].

બીજું ઉદાહરણ: કયામતના દિવસની ખબરો માંથી:

આપ ﷺ એ જણાવ્યું:

«أَنَّ الشَّمْسَ تَدْنُو مِنَ الخَلَائِقِ يَوْمَ القِيَامَةِ بِقَدْرِ مِيلٍ» [5]،
«નિઃશંક સૂર્ય કયામતને દિવસે સર્જનની ખૂબ જ નજીક એક માઈલ જેટલા અંતરે આવી જશે»,[1] તો ભલેને આ આંખો માટે વાપરવામાં આવતી સુરમાની કાડી હોય કે પછી જમીન માપવામાં આવતું માઈલ જેટલું અંતર હોય, ખરેખર સૂર્ય અને સર્જનના માથા વચ્ચેનું આ અંતર ખૂબ જ ઓછું હશે, અને તેમ છતાં લોકો તેની ગરમીથી બળશે નહીં, જ્યારે કે અત્યારે દુનિયામાં સૂર્ય જો આંગળીના વેઢા જેટલો પણ નજીક આવી જાય તો આખી દુનિયા બળી જાય.

તો કોઈ કહેનાર કહી શકે છે કે: કયામતને દિવસે સૂર્ય લોકોના માથાથી આટલા અંતરે નજીક આવી જશે, તો પછી લોકો એક ક્ષણ માટે પણ કેવી રીતે જીવતા રહેશે?!

તો આ હદીષ પ્રત્યે સારા અખ્લાક શું છે?

આ હદીષ બાબતે સારા અખ્લાક એ છે કે આપણે તેનો સ્વીકાર કરીએ, અને તેની પુષ્ટિ કરીએ, અને તેનાથી

[1] આ હદીષને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, પુસ્તક: જન્નત, પાઠ: કયામતના દિવસની સ્થિતિનું વર્ણન, હદીષ નંબર: (૨૮૬૪), મિકદાદ ઈબ્ને અસ્વદ રઝી અલ્લાહુ અન્હુની હદીષથી.

આપણા દિલોમાં કોઈ સંકોચ, તંગી કે ખચકાટ ન હોય, અને આપણે એ જાણી લઈએ કે આમાં નબી ﷺ એ જે કંઈ જણાવ્યું છે તે સત્ય છે.

અને આખિરતની પરિસ્થિતિઓને દુનિયાની પરિસ્થિતિઓ સાથે સરખાવવી શક્ય નથી; આ મોટા તફાવતના કારણે, આપણે જાણીએ છીએ કે લોકો કયામતને દિવસે પચાસ હજાર વર્ષ સુધી ઊભા રહેશે, અને દુનિયાના માપદંડ પ્રમાણે, શું કોઈ માનવી માટે પચાસ હજાર વર્ષ સુધી ઊભા રહેવું શક્ય છે?

જવાબ: ના, તો તેમાં ઘણો મોટો તફાવત છે, તો જ્યારે આમ હોય, તો ખરેખર મોમિન આવી ખબરને દિલની સ્પષ્ટતા અને શાંતિ સાથે સ્વીકારે છે, અને તેના માટે તેની સમજ વિશાળ થઈ જાય છે, અને તેનું દિલ તેના માટે ખુલી જાય છે.

૨- અલ્લાહના આદેશોનો સ્વીકાર કરી તેના પર અમલ કરવો: તેથી અલ્લાહના આદેશોમાંથી કોઈ પણ બાબતને ઠુકરાવવી નહીં, અને જો તે અલ્લાહના આદેશોમાંથી કોઈ પણ બાબતને ઠુકરાવે છે તો આ અલ્લાહ સાથે ખરાબ અખ્લાક છે, ભલેને તેણે તે આદેશનો ઇન્કાર કરીને તેને ઠુકરાવ્યો હોય, અથવા તેના

પર અમલ કરવામાં અહંકાર કરીને તેને ઠુકરાવ્યો હોય, અથવા તેના પર અમલ કરવામાં બેદરકારી દાખવીને તેને ઠુકરાવ્યો હોય, કારણ કે આ બાબત અલ્લાહ સાથેના સારા અખ્લાકની વિરુદ્ધ છે.

આપણે તેનું એક ઉદાહરણ જોઈએ: રમઝાન મહિનામાં આપણે જે કઠિન નેક કાર્યો કરીએ છીએ, તો નિઃશંકપણે રોઝો રાખવો એવો અમલ છે, જેના માટે ઘણી તકલીફ ઉઠાવવી પડતી હોય છે; કારણકે તેમાં માણસ પોતાની આદત મુજબ ખાવા-પીવાનું અને પોતાની મનેચ્છાઓને છોડે છે, અને મનુષ્ય માટે આ એક મુશ્કેલ કાર્ય છે. પરંતુ અલ્લાહ તઆલા સાથે સારો વ્યવહાર રાખવાવાળો મોમિન આ જવાબદારીને સ્વીકારે છે, અથવા વધુ સાચા શબ્દોમાં કહીએ તો: આ સન્માનને સ્વીકારે છે, અને આ અલ્લાહ તઆલાની એક નેઅમત છે જેને તે ખુલ્લા દિલે અને સંતોષપૂર્વક સ્વીકારે છે, અને તેનું નફસ તેને ખુશીથી અપનાવે છે. તેથી તમે જોશો કે તે લાંબા અને ગરમ દિવસોમાં રોઝો રાખે છે, છતાં પણ તે રાજી અને ખુશખુશાલ રહે છે; કારણકે તે પોતાના પાલનહાર સાથે સારો વ્યવહાર રાખે છે. પરંતુ અલ્લાહ સાથે ખરાબ વ્યવહાર કરવાવાળો વ્યક્તિ આ પ્રકારની

ઈબાદત કંટાળા અને અણગમા સાથે અદા કરે છે, અને જો તેને ખરાબ પરિણામનો ડર ન હોત, તો તે રોઝાનું પાલન બિલકુલ ન કરત.

અને બીજું ઉદાહરણ: નમાઝ, તેમાં કોઈ શંકા નથી કે તે કેટલાક લોકો માટે ભારે છે, અને તે મુનાફિકો માટે ભારે છે, જેમ કે નબી ﷺ એ કહ્યું:

«أَثْقَلُ الصَّلَاةِ عَلَى الْمُنَافِقِينَ: صَلَاةُ العِشَاءِ وَصَلَاةُ الفَجْرِ» [6].

«મુનાફિક માટે સૌથી ભારે નમાઝ ઈશા અને ફજરની નમાઝ છે».[1]

પરંતુ નમાઝ મોમિન માટે ભારે નથી, અલ્લાહ તઆલાએ કહ્યું :

﴿وَٱسۡتَعِينُواْ بِٱلصَّبۡرِ وَٱلصَّلَوٰةِۚ وَإِنَّهَا لَكَبِيرَةٌ إِلَّا عَلَى ٱلۡخَٰشِعِينَ 45 ٱلَّذِينَ يَظُنُّونَ أَنَّهُم مُّلَٰقُواْ رَبِّهِمۡ وَأَنَّهُمۡ إِلَيۡهِ رَٰجِعُونَ 46﴾

[1] સહીહ બુખારી: પુસ્તક: અલ્ અઝાન, પાઠ: ફઝલુલ્ ઇશાઇ ફિલ્ જમાઅતિ, હદીષ નંબર: (૬૫૭), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ મસાજિદ, પાઠ: ફઝલુ સલાતિલ્ જમાઅતિ, હદીષ નંબર: (૬૫૧), આ હદીષ અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા વર્ણન કરવામાં આવી છે.

{સબર અને નમાઝ સાથે મદદ માંગતા રહો, આ વસ્તુ ભારે પરિશ્રમવાળી છે, પરંતુ ડરવાવાળાઓ માટે (સરળ છે). ૪૫

અને જેઓ યકીન કરે છે કે તેઓ પોતાના પાલનહારથી (નજીક માંજ) મુલાકાત કરશે અને તેની જ તરફ પાછા ફરવાના છે ૪૬}. [અલ્ બકરહ: ૪૫-૪૬]. તો આ લોકો માટે તે ભારે નથી, પરંતુ તે સહેલી અને સરળ છે; અને એટલા માટે નબી ﷺ એ કહ્યું:

«جُعِلَتْ قُرَّةُ عَيْنِي فِي الصَّلَاةِ» [7].

«મારી આંખોની ઠંડક નમાઝમાં રાખવામાં આવી છે».[1]

તો નમાઝના સંબંધમાં અલ્લાહ સાથે ઉત્તમ અખ્લાક એ છે કે, તમે તેને એવી રીતે અદા કરો કે તમારૂં હૃદય પ્રફુલ્લિત અને શાંત હોય, અને તમારી આંખોને ઠંડક મળે, જ્યારે તમે નમાઝમાં મગ્ન હોવ ત્યારે ખુશ થાઓ, અને જ્યારે તેનો સમય આવે ત્યારે તેની રાહ જુઓ. જ્યારે તમે ફજરની નમાઝ પઢી લો તો ઝોહરની નમાઝ

[1] આ હદીષને ઈમામ અહમદ રહિમહુલ્લાહ એ વર્ણન કરી છે, (૩/૧૨૮), અને સુનન નસાઈમાં: કિતાબ ઇશરતિન નિસા, બાબ: હુબ્બુન નિસા, (હદીષ નંબર: ૩૯૪૦), અનસ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

માટે ઉત્સુક હોવ, અને જ્યારે ઝોહરની નમાઝ પઢી લો તો અસરની નમાઝ માટે ઉત્સુક હોવ, અને જ્યારે અસરની નમાઝ પઢી લો તો મગરિબની નમાઝ માટે ઉત્સુક હોવ, અને જ્યારે મગરિબની નમાઝ પઢી લો તો ઈશાની નમાઝ માટે ઉત્સુક હોવ, અને જ્યારે ઈશાની નમાઝ પઢી લો તો ફજરની નમાઝ માટે ઉત્સુક હોવ, અને આ જ રીતે હંમેશા તમારું હૃદય આ ઇબાદતો સાથે જોડાયેલું રહે, તો આમાં કોઈ શંકા નથી કે આ અલ્લાહ તઆલા સાથેનો ઉત્તમ અખ્લાક છે.

વ્યવહારમાં ત્રીજું ઉદાહરણ: વ્યાજને હરામ કરવું, ખરેખર અલ્લાહ તઆલાએ કુરઆનમાં આપણા પર વ્યાજને સ્પષ્ટ રીતે હરામ ઠેરવ્યું છે, જેમ કે અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...وَأَحَلَّ ٱللَّهُ ٱلۡبَيۡعَ وَحَرَّمَ ٱلرِّبَوٰاْۚ...﴾

{...અલ્લાહ તઆલાએ વેપારને હલાલ અને વ્યાજને હરામ કર્યું...} અને તેના વિશે કહ્યું:

﴿...فَمَن جَآءَهُۥ مَوۡعِظَةٞ مِّن رَّبِّهِۦ فَٱنتَهَىٰ فَلَهُۥ مَا سَلَفَ وَأَمۡرُهُۥٓ إِلَى ٱللَّهِۖ وَمَنۡ عَادَ فَأُوْلَٰٓئِكَ أَصۡحَٰبُ ٱلنَّارِۖ هُمۡ فِيهَا خَٰلِدُونَ﴾

{...જે વ્યક્તિ પોતાની પાસે આવેલી અલ્લાહ તઆલાની શિખામણ સાંભળી રોકાઇ ગયો, તેના માટે તે

છે, જે પસાર થઇ ગઇ અને તેનું પરિણામ અલ્લાહ પાસે જ છે, અને જે ફરી બીજીવાર (વ્યાજ તરફ) ફર્યો તો તેઓ જ જહન્નમી છે, આવા લોકો હંમેશા તેમાં રહેશે}. [અલ્ બકરહ: ૨૭૫]. તો જે વ્યક્તિ પોતાની પાસે શિખામણ આવી ગયા અને હુકમ જાણી લીધા પછી વ્યાજ તરફ પાછો ફરે છે, તેને જહન્નમમાં હંમેશા રહેવાની ચેતવણી આપી છે -અને અલ્લાહની પનાહ-.

તો એક મોમિન આ આદેશને ખુલ્લા દિલ, સંતુષ્ટિ અને સંપૂર્ણ સમર્પણ સાથે સ્વીકારે છે, જ્યારે એક કાફિર તેને સ્વીકારતો નથી, અને તેનું દિલ આનાથી તંગ થઈ જાય છે, અને કદાચ તે આનાથી બચવા માટે વિવિધ પ્રકારની યુક્તિઓ અપનાવે છે; કારણ કે આપણે જાણીએ છીએ કે વ્યાજમાં નિશ્ચિત કમાણી છે, અને તેમાં કોઈ જોખમ નથી, પરંતુ વાસ્તવમાં તે એક વ્યક્તિ માટે કમાણી છે અને બીજા પર અન્યાય છે; અને આ જ કારણે અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...وَإِن تُبْتُمْ فَلَكُمْ رُءوسُ أَمْوَٰلِكُمْ لَا تَظْلِمُونَ وَلَا تُظْلَمُونَ﴾

{હાઁ જો તમે તૌબા કરી લો તો તમારો ખરો માલ તમારો જ છે, ન તમે અત્યાચાર કરો ન તમારા પર અત્યાચાર કરવામાં આવશે}. [અલ્ બકરહ: ૨૭૯].

3- અલ્લાહ તઆલાની તકદીરને ખુશી અને સબ્ર સાથે સ્વીકારવી: અને આ અલ્લાહ સાથેના સારા અખ્લાકની ત્રીજી બાબત છે, અને આપણે બધા જાણીએ છીએ કે ઉચ્ચ મહાન અલ્લાહની તકદીર જેની તે પોતાના સર્જન માટે વ્યવસ્થા કરે છે, તે બધી જ સર્જન માટે અનુકૂળ નથી હોતી, તો શું અલ્લાહ આપણા માટે જે કંઈ પણ નક્કી કરે છે તે બધું આપણા માટે અનુકૂળ હોય છે? એટલે કે આપણો નફસ તેના તરફ માયેલ થાય, અને તેની સાથે મેળ ખાય? માનસિક રીતે? હકીકતમાં: ના.

ઉદાહરણ તરીકે, બીમારી માનવીને અનુકૂળ નથી આવતી, તેથી માનવી તંદુરસ્ત રહેવાનું પસંદ કરે છે.

અને એવી જ રીતે ગરીબી માનવીને અનુકૂળ નથી આવતી, કારણ કે માનવી ધનિક બનવાનું પસંદ કરે છે, અને તેવી જ રીતે અજ્ઞાનતા માનવીને અનુકૂળ નથી આવતી, કારણ કે માનવી જ્ઞાની બનવાનું પસંદ કરે છે, પરંતુ અલ્લાહ સર્વશક્તિમાનના ફેંસલાઓ તેની હિકમત મુજબ વિવિધ હોય છે, તેમાંથી કેટલાક માનવીને અનુકૂળ હોય છે અને પોતાના સ્વભાવ મુજબ તે તેનાથી રાહત અનુભવે છે, અને કેટલાક એવા નથી હોતા, તો

અલ્લાહ સર્વશક્તિમાનના નિર્ણયો પ્રત્યે તેની સાથે સારો વ્યવહાર શું છે?

અલ્લાહના નિર્ણયો અને તેણે નક્કી કરેલ ભાગ્ય પ્રત્યે અલ્લાહ સાથે સારા અખ્લાક એ છે કે, અલ્લાહ તઆલાએ તમારા માટે જે નક્કી કર્યું છે તેના પર તમે રાજી રહો, અને તેનાથી સંતુષ્ટ રહો, અને એ જાણો કે અલ્લાહ તઆલાએ આ બધું માત્ર પોતાની હિકમત અને પ્રશંસનીય ઉદ્દેશ્ય માટે જ નક્કી કર્યું છે, જેના માટે તે પ્રશંસા અને આભારને પાત્ર છે.

આથી, અલ્લાહ સાથે સારો અખ્લાક એ છે કે માનવી તેના ભાગ્ય પ્રત્યે ખુશ રહે, તેનો સ્વીકાર કરી લે અને સંતુષ્ટ રહે; અને આ જ કારણે અલ્લાહ તઆલાએ સબર કરનારાઓની પ્રશંસા કરી છે, અને કહ્યું:

﴿...وَبَشِّرِ ٱلصَّٰبِرِينَ 155 ٱلَّذِينَ إِذَآ أَصَٰبَتۡهُم مُّصِيبَةٞ قَالُوٓاْ إِنَّا لِلَّهِ وَإِنَّآ إِلَيۡهِ رَٰجِعُونَ156﴾

{...અને ધીરજ રાખનારને ખુશખબરી આપી દો. ૧૫૫

તેમના પર જ્યારે કોઇ મુસીબત આવી પહોંચે છે તો કહી દે છે કે અમે તો પોતે અલ્લાહની માલિકી હેઠળ છે

અને અમે તેની જ તરફ પાછા ફરવાના છે ૧૫૬}. [અલ્ બકરહ: ૧૫૫-૧૫૬].

બીજું: સર્જન સાથેના વ્યવહારમાં સારા અખ્લાક:

રહી વાત સર્જન સાથે સારા અખ્લાકની; તો કેટલાક લોકોએ, જેમાં હસન બસરી રહિમહુલ્લાહ પણ સામેલ છે, તેમની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે કે: તકલીફ આપવાથી બચવું, નેકી કરવી અને હસમુખ ચહેરો રાખવો.[1]

પહેલું: તકલીફ આપવાથી બચવાનો અર્થ થાય છે કે માણસ બીજાને તકલીફ આપવાથી બચે, ભલે આ તકલીફ માલને લગતી હોય, અથવા જાનને લગતી હોય, અથવા ઇજ્જતને લગતી હોય, તો જે વ્યક્તિ લોકોને તકલીફ આપવાથી નથી બચતો, તે સારા અખ્લાક વાળો નથી, બલ્કે તે ખરાબ અખ્લાક વાળો ગણાશે.

અને રસૂલ ﷺ એ આ બાબતની મનાઈનું એલાન એ સૌથી મોટી સભામાં કર્યું જેમાં આપ પોતાની ઉમ્મત સાથે એકઠા થયા હતા, અને કહ્યું:

«إِنَّ دِمَاءَكُمْ وَأَمْوَالَكُمْ وَأَعْرَاضَكُمْ عَلَيْكُمْ حَرَامٌ، كَحُرْمَةِ يَوْمِكُمْ هَذَا، فِي شَهْرِكُمْ هَذَا، فِي بَلَدِكُمْ هَذَا» [9].

---

[1] ઇહ્-યાઉ ઉલૂમિદ્દીન (૩/૫૨-૫૩).

«નિઃશંક અલ્લાહ તઆલાએ તમારા પર તમારી જાન, તમારો માલ તમારી ઇઝ્ઝતને એવી રીતે હરામ કરી દીધી છે જેવી રીતે કે આ દિવસને, આ મહિનાને અને આ શહેરને હરામ કર્યો છે».[1]

જો કોઈ વ્યક્તિ માલ છીનવીને લોકો પર અત્યાચાર કરે, અથવા છેતરપિંડી કરીને લોકો પર અત્યાચાર કરે, અથવા ખિયાનત કરીને લોકો પર અત્યાચાર કરે, અથવા મારપીટ અને ગુનો કરીને લોકો પર અત્યાચાર કરે, અથવા ગાળો આપીને અને ગીબત કરીને લોકો પર અત્યાચાર કરે, તો આ તેના સારા અખ્લાક નથી; કારણ કે તેણે તેઓને તકલીફ આપવાથી પોતાના હાથ રોક્યા નથી, અને તેનો ગુનાહ ત્યારે વધુ મોટો થઈ જાય છે, જ્યારે તે એવા વ્યક્તિ પ્રત્યે કરવામાં આવે જેના હકો તમારા પર વધારે હોય.

[1] સહીહ બુખારી: પુસ્તક: અલ્ હજ, પાઠ: અલ્ ખુત્બતિ અય્યામિ મિના, હદીષ નંબર: (૧૭૪૧), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ કસામહ, પાઠ: તગ્લીઝિ તહરીમિદ્ દિમાઇ, હદીષ નંબર: (૧૬૭૯), અબી બકરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

તો ઉદાહરણ તરીકે, માતા-પિતાને તકલીફ આપવી અન્યને તકલીફ આપવા કરતા મોટો ગુનોહ છે, અને સંબંધીઓને તકલીફ આપવી દૂરના લોકોને તકલીફ આપવા કરતા મોટો ગુનોહ છે, અને પાડોશીઓને તકલીફ આપવી એવા લોકોને તકલીફ આપવા કરતા મોટો ગુનોહ છે, જેઓ તમારા પાડોશી નથી; અને આથી જ નબી ﷺ એ કહ્યું:

«وَاللَّهِ لَا يُؤْمِنُ، وَاللَّهِ لَا يُؤْمِنُ، وَاللَّهِ لَا يُؤْمِنُ». قَالُوا: مَنْ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «مَنْ لَا يَأْمَنُ جَارُهُ بَوَائِقَهُ» [10].

«અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન નથી, અલ્લાહની કસમ! તે મોમિન નથી». સહાબાઓએ કહ્યું: કોણ હે અલ્લાહના રસૂલ? આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું: «જેની તકલીફથી તેનો પાડોશી સુરક્ષિત ન હોય».[1]

બીજું: 'બઝ્લે નદા' (ઉદારતા દાખવવા) નો અર્થ: નદા એટલે ઉદારતા અને કરુણા, એટલે કે તમે ઉદારતા

---

[1] આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: કિતાબુલ્ અદબ, બાબ: તે વ્યક્તિનો ગુનાહ જેનો પાડોશી તેની તકલીફોથી સુરક્ષિત ન હોય, હદીષ નંબર: (૬૦૧૬), અબૂ શુરૈહ રઝી અલ્લાહુ અન્હુની હદીષમાંથી.

અને કરુણા દાખવો, અને ઉદારતા (કરમ) માત્ર તે નથી, જેવું કેટલાક લોકો માને છે કે ફક્ત માલ આપવો, પરંતુ ઉદારતા પોતાની જાત (નફ્સ) ને અર્પણ કરવામાં, પોતાની પ્રતિષ્ઠાનો ઉપયોગ કરવામાં, અને માલ આપવામાં પણ હોય છે.

તો જ્યારે આપણે કોઈ વ્યક્તિને જોઈએ કે જે લોકોની જરૂરિયાતો પૂરી કરતો હોય, અને તેઓની મદદ કરતો હોય, અને તેઓના કાર્યો માટે એવા લોકો સુધી પહોંચતો હોય જ્યાં તેઓ પહોંચી શકતા ન હોય, અને લોકોની વચ્ચે પોતાનું જ્ઞાન ફેલાવતો હોય, અને લોકોમાં પોતાનો માલ ખર્ચ કરતો હોય, તો આપણે તેને ઉચ્ચ અખ્લાકવાળો કહીશું; કારણ કે તેણે ભલાઈ કરી છે, અને આ જ કારણે નબી ﷺ એ કહ્યું:

«اتَّقِ اللَّهَ حَيْثُمَا كُنْتَ، وَأَتْبِعِ السَّيِّئَةَ الْحَسَنَةَ تَمْحُهَا، وَخَالِقِ النَّاسَ بِخُلُقٍ حَسَنٍ» [11].

«તમે જ્યાં પણ રહો, અલ્લાહથી ડરતા રહો, પાપ કાર્ય પછી નેકી કરી લો, જે તે પાપને ખત્મ કરી દેશે, અને લોકો સાથે સારો વ્યવહાર કરો».[1]

[1] આ હદીષને ઈમામ તિર્મિઝી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: અબ્વાબુલ્ બિર્રિ વસ્સિલહ, બાબ: મા જાઅ ફી મુઆશરતિન્ નાસ,

અને લોકો સાથે સારા અખ્લાકથી વર્તવામાં એ પણ સામેલ છે કે: જ્યારે તમારા પર જુલમ કરવામાં આવે અથવા તમારી સાથે ખરાબ વર્તન કરવામાં આવે, તો તમે માફ કરી દો અને દરગુઝર કરો, અને અલ્લાહ તઆલાએ લોકોને માફ કરનારાઓની પ્રશંસા કરી છે, તેથી જન્નતવાળાઓ વિશે કહ્યું:

﴿ٱلَّذِينَ يُنفِقُونَ فِي ٱلسَّرَّآءِ وَٱلضَّرَّآءِ وَٱلۡكَٰظِمِينَ ٱلۡغَيۡظَ وَٱلۡعَافِينَ عَنِ ٱلنَّاسِۗ وَٱللَّهُ يُحِبُّ ٱلۡمُحۡسِنِينَ134﴾

{જે લોકો ખુશહાલી અને તંગીમાં પણ અલ્લાહ ના માર્ગમાં ખર્ચ કરે છે, ગુસ્સો પીવાવાળા અને લોકોને માફ કરવાવાળા છે, અલ્લાહ તઆલા તે સદાચારી લોકોથી મોહબ્બત કરે છે ૧૩૪}. [આલિ ઇમરાન: ૧૩૪].

અને અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...وَأَن تَعۡفُوٓاْ أَقۡرَبُ لِلتَّقۡوَىٰۚ...﴾

{...તમારુ માફ કરી દેવું (અલ્લાહથી) ડરવા બાબતે ખુબ જ નજીક છે...} [અલ્ બકરહ: ૨૩૭].

અને અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...وَلۡيَعۡفُواْ وَلۡيَصۡفَحُوٓاْ...﴾

---

હદીષ નંબર: (૧૯૮૭), અબૂ ઝર રઝી અલ્લાહુ અન્હુની હદીષમાંથી.

{...માફ કરી દેવા જોઇએ અને દરગુજર કરવું જોઇએ...} [અન્ નૂર: ૨૨].

અને અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...فَمَنۡ عَفَا وَأَصۡلَحَ فَأَجۡرُهُۥ عَلَى ٱللَّهِۚ...﴾

{...અને જે માફ કરી દે અને સુધારો કરી લે, તેનો બદલો અલ્લાહના શિરે છે,...} [અશ્ શૂરા: ૪૦].

અને દરેક વ્યક્તિ જે લોકોના સંપર્કમાં આવે છે, તો તેને ચોક્કસ લોકો તરફથી કંઈક બુરાઈનો સામનો કરવો પડશે, તેથી આ બુરાઈ પ્રત્યે તેનું વલણ એ હોવું જોઈએ કે તે માફ કરે અને દરગુજર કરે, અને તેને દ્રઢ વિશ્વાસ હોવો જોઈએ કે તેના માફ કરવાથી, દરગુજર કરવાથી અને ભલાઈ વડે બદલો આપવાથી, તેના અને તેના ભાઈ વચ્ચેની દુશ્મની ખાસ મિત્રતા અને દોસ્તીમાં બદલાઈ જશે, અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿وَلَا تَسۡتَوِي ٱلۡحَسَنَةُ وَلَا ٱلسَّيِّئَةُۚ ٱدۡفَعۡ بِٱلَّتِي هِيَ أَحۡسَنُ فَإِذَا ٱلَّذِي بَيۡنَكَ وَبَيۡنَهُۥ عَدَٰوَةٞ كَأَنَّهُۥ وَلِيٌّ حَمِيمٞ34﴾

{(હે નબી!) સત્કાર્ય અને દુષ્કર્મ સરખા નથી, તમે બૂરાઈને ભલાઇ વડે દૂર કરો, પછી તેઓ, જેમની સાથે તમારી દુશ્મની છે, એવા થઇ જશે, જેવા કે ખાસ મિત્ર હોય ૩૪}. [ફુસ્સિલત: ૩૪].

અને હે અરબી ભાષાના જાણકારો, વિચાર કરો કે પરિણામ આકસ્મિક (ઇઝા) સાથે કેવી રીતે આવ્યું; કારણ કે આકસ્મિક (ઇઝા) તેના પરિણામમાં તાત્કાલિક ઘટનાને દર્શાવે છે.

﴿...فَإِذَا ٱلَّذِي بَيۡنَكَ وَبَيۡنَهُۥ عَدَٰوَةٞ كَأَنَّهُۥ وَلِيٌّ حَمِيمٞ﴾،

{...પછી તેઓ, જેમની સાથે તમારી દુશ્મની છે, એવા થઇ જશે, જેવા કે ખાસ મિત્ર હોય}. પરંતુ દરેક વ્યક્તિને તેની તૌફીક નથી મળતી, અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿وَمَا يُلَقَّىٰهَآ إِلَّا ٱلَّذِينَ صَبَرُواْ وَمَا يُلَقَّىٰهَآ إِلَّا ذُو حَظٍّ عَظِيمٖ35﴾

{અને આ વાત ફક્ત તે લોકોને જ પ્રાપ્ત થાય છે, જેઓ સબર કરે છે અને આ વાત તેને જ મળે છે, જે ખૂબ ભાગ્યશાળી હોય ૩૫}. [ફુસ્સિલત: ૩૫].

તો શું આપણે તેનો અર્થ એ સમજીએ કે ગુનેગારને માફી આપવી સંપૂર્ણપણે પ્રશંસનીય છે અને તેનો હુકમ આપવામાં આવ્યો છે? આ આયત પરથી કદાચ આ સમજી શકાય છે, પરંતુ એ માલૂમ હોવું જોઈએ કે માફ કરવું ત્યારે જ પ્રશંસનીય છે, જ્યારે માફ કરવું વધુ યોગ્ય હોય, અને જો પકડ કરવી વધુ યોગ્ય હોય તો પકડ

કરવી વધુ ઉત્તમ છે; અને આ જ કારણસર અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿...فَمَنۡ عَفَا وَأَصۡلَحَ فَأَجۡرُهُۥ عَلَى ٱللَّهِۚ...﴾

{...અને જે માફ કરી દે અને સુધારો કરી લે, તેનો બદલો અલ્લાહના શિરે છે...} [અશ્ શૂરા: ૪૦], તેથી માફ કરવાને સમાધાન સાથે જોડી દેવામાં આવ્યું છે.

તેથી શક્ય છે કે માફ કરવું એ સુધારારૂપે ન હોય; કારણ કે જે વ્યક્તિએ તમારી સાથે અન્યાય કર્યો છે અને તમારી સામે દુસ્સાહસ કર્યું છે, તે દુષ્ટતા અને ફસાદ માટે જાણીતો માણસ હોઈ શકે છે, તેથી જો તમે તેને માફ કરશો, તો તે તેની દુષ્ટતા અને ફસાદમાં આગળ વધતો જશે, તેથી આ સ્થિતિમાં શ્રેષ્ઠ એ છે કે તમે તેને તેના ગુનાની સજા આપો; કારણ કે તેમાં જ સુધારો છે, શૈખુલ ઇસ્લામ ઇબ્ને તૈમિય્યાહ રહિમહુલ્લાહએ કહ્યું: «ઇસ્લાહ કરવી વાજિબ (જરૂરી) છે, અને માફી મુસ્તહબ છે, તેથી જો માફીના કારણે ઇસ્લાહ રહી જતી હોય, તો તેનો અર્થ એ થયો કે આપણે મુસ્તહબને વાજિબ પર પ્રાધાન્ય આપ્યું છે, અને શરીઅતમાં આ માન્ય નથી». અને તેઓએ સાચું કહ્યું, અલ્લાહ તઆલા તેમના પર રહમ કરે.

અને હું આ પ્રસંગે એક બાબત તરફ ધ્યાન દોરવા માંગુ છું, જે ઘણા લોકો ભલાઈના ઈરાદાથી કરતા હોય છે, અને તે એ છે કે કોઈ વ્યક્તિથી કોઈ અકસ્માત થઈ જાય, અને તેના કારણે કોઈ અન્ય વ્યક્તિ મૃત્યુ પામે, તો મૃતકના વાલીઓ આવીને અકસ્માત કરનાર તે ગુનેગારની દિયત (ખૂન ના બદલામાં આપવામાં આવતું આર્થિક વળતર) માફ કરી દે છે, તો શું તેમનું આ રીતે દિયત માફ કરવું પ્રશંસનીય છે અને શું તેને સારા અખ્લાક ગણવામાં આવે છે, કે પછી તેમાં કોઈ તફસીલ છે?

આ બાબતમાં વિગત છે: તેથી આ ગુનેગારની સ્થિતિ પર ચિંતન મનન કરવું જરૂરી છે, જેનાથી આ અકસ્માત થયો છે, શું તે એવા લોકોમાંથી છે જેઓ અવિચારીપણા અને બેદરકારી માટે જાણીતા છે? શું તે એવા પ્રકારનો છે જે પરવા નથી કરતો -અલ્લાહની પનાહ- કે તે કોઈ વ્યક્તિને ટક્કર મારે કારણ કે તે તેની દિયત ચૂકવવા સક્ષમ છે? અથવા તે એવો માણસ છે, જેનાથી આ અકસ્માત સંપૂર્ણ સાવચેતી અને સંપૂર્ણ સંતુલન સાથે થયો છે, પરંતુ અલ્લાહ તઆલાએ દરેક વસ્તુ માટે એક તકદીર નક્કી કરી રાખી છે?

તેથી જો તે બીજા પ્રકારમાંથી હોય, તો તેના હકમાં માફ કરી દેવું વધુ યોગ્ય છે, પરંતુ માફ કરતા પહેલા, બીજા પ્રકારમાં પણ આપણે એ ધ્યાનમાં લેવું જરૂરી છે કે: શું મૃતક પર કોઈ દેવું છે? જો મૃતક પર દેવું હોય, અને દિયત (કતલની રકમ) સિવાય તેની ચુકવણી થઈ શકે તેમ ન હોય, તો આપણા માટે માફ કરવું શક્ય નથી; કારણ કે દેવું વારસા પહેલા આવે છે, અને જો આપણે માફ કરી પણ દઈએ, તો આપણી માફી માન્ય ગણાશે નહીં, અને આ એવી બાબત છે જેનાથી કદાચ ઘણા લોકો ગાફિલ (અજાણ) હોય છે, અને અમે આવું એટલા માટે કહીએ છીએ; કારણ કે વારસદારો આ દિયત (કતલની રકમ) નો અધિકાર તે મૃતક પાસેથી મેળવે છે જે અકસ્માતનો ભોગ બન્યો હતો, અને તેમનો અધિકાર દેવાની ચુકવણી પછી જ પ્રાપ્ત થાય છે; અને એટલા જ માટે જ્યારે અલ્લાહ તઆલાએ વારસાનો ઉલ્લેખ કર્યો તો કહ્યું:

﴿...مِنۢ بَعۡدِ وَصِيَّةٖ يُوصِي بِهَآ أَوۡ دَيۡنٍۗ...﴾

{...વસિય્યત (પુરી કર્યા) પછી તેમજ મૃતકનું દેવું ચૂકવી દીધા પછી...} [અન્ નિસા: ૧૧].

સારાંશ એ છે કે સારા અખ્લાકમાંથી એ છે: લોકોને માફ કરી દેવું, અને આ ભલાઈ કરવાના પ્રકારમાંથી છે; કારણ કે ભલાઈ કરવી એ કાં તો કંઈક આપવું છે અથવા તો છોડી દેવું (અર્થાત્ પોતાનો અધિકાર જતો કરવો) છે, અને ક્ષમા આપવી એ છોડી દેવામાંથી છે.

ત્રીજું: હસતો ચહેરો: કે વ્યક્તિનો ચહેરો હસતો રહે, અને તેનાથી વિપરીત ભવાં ચઢાવેલ ક્રોધિત ચહેરો છે; અને આ જ કારણે નબી ﷺ એ જણાવ્યું:

«لَا تَحْقِرَنَّ مِنَ المَعْرُوفِ شَيْئًا، وَلَوْ أَنْ تَلْقَى أَخَاكَ بِوَجْهٍ طَلْقٍ» [12].

«કોઈ પણ નેકીના કામને તુચ્છ ન સમજો, ભલેને તમારે પોતાના ભાઈ સાથે હસતા મોઢે મુલાકાત કરો».[1]

તો હસતો ચહેરો તમે જેની મુલાકાત કરો છો અને જે તમારી તરફ આવે છે તેને ખુશી આપે છે, અને તે મોહબ્બત અને સ્નેહ ઉત્પન્ન કરે છે, અને તેનાથી તમારા તેમજ તમારી મુલાકાત કરનારના દિલમાં પ્રસન્નતા પેદા થાય છે, તમે અજમાવી જુઓ, તમને જોવા મળશે.

---

[1] સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ બિર્રે વસ્ સિલહ, પાઠ: ઇસ્તિહબાબિ તલાકતિલ્ વજ્હિ ઇન્દલ્ લિકાઅ, નંબર: (૨૬૨૬), આ હદીષ અબૂ ઝર રઝી અલ્લાહુ અન્હુ દ્વારા વર્ણન કરવામાં આવી છે.

પરંતુ જો તમે ભવાં ચઢાવેલ ક્રોધિત ચહેરાવાળા હશો, તો લોકો તમારાથી દૂર ભાગશે, અને તમારી પાસે બેસવામાં કે તમારી સાથે વાતચીત કરવામાં તેમને કોઈ પ્રસન્નતા નહીં મળે, અને કદાચ તમે એક ગંભીર બીમારીનો શિકાર બની જશો જેને બ્લડ પ્રેશર કહેવામાં આવે છે, કારણકે હૃદયની શાંતિ અને હસતો ચહેરો આ બીમારીને અટકાવનાર સૌથી અસરકારક દવાઓમાંથી છે; અને એટલા માટે જ ડૉક્ટરો આ બીમારીથી પીડિત વ્યક્તિને સલાહ આપે છે કે તે એવી બાબતોથી દૂર રહે જે તેને ઉશ્કેરે છે અને ક્રોધિત કરે છે; કારણકે તેનાથી તેની બીમારીમાં વધારો થાય છે, તેથી હસતો ચહેરો આ બીમારીને ખતમ કરી નાખે છે; કારણકે તેના દ્વારા માનવીના હૃદયમાં શાંતિ રહે છે અને તે લોકોમાં પ્રિય બની જાય છે.

આ એ ત્રણ પાયા છે, જેના પર લોકો સાથેના વ્યવહારમાં સારા અખ્લાક આધારિત છે.

અને લોકો સાથેના સારા અખ્લાકમાંથી આ પણ છે: મિત્રો, સંબંધીઓ અને પરિવાર સાથે સારો વ્યવહાર કરવો, તેથી તેમનાથી તંગ ન થવું, અને તેમને તકલીફ ન આપવી, પરંતુ અલ્લાહની શરીઅતની મર્યાદામાં

રહીને શક્ય હોય તેટલો તેમને આનંદ આપવો. અને આ શરત અનિવાર્ય છે; કારણ કે લોકોમાંથી કેટલાક એવા પણ હોય છે જેઓ અલ્લાહની નાફરમાની સિવાય ખુશ થતા નથી -અલ્લાહ પનાહ આપે-, તો આમાં આપણે તેમની સાથે સહમત થતા નથી. પરંતુ શરીઅતની મર્યાદામાં રહીને તમારી સાથે જોડાયેલા પરિવાર, મિત્રો અને સંબંધીઓને આનંદ આપવો એ સારા અખ્લાકમાંથી છે; અને આથી જ નબી ﷺ એ કહ્યું:

«خَيْرُكُمْ خَيْرُكُمْ لِأَهْلِهِ، وَأَنَا خَيْرُكُمْ لِأَهْلِي» [13].

«તમારા માંથી સૌથી ઉત્તમ વ્યક્તિ તે છે, જે પોતાના ઘરવાળાઓ માટે સૌથી ઉત્તમ છે, અને હું મારા ઘરવાળાઓ માટે તમારા માંથી સૌથી ઉત્તમ છું».[1]

અને ઘણા લોકો -અત્યંત અફસોસ સાથે કહેવું પડે છે કે- લોકો સાથે સારો વ્યવહાર કરે છે, પરંતુ પોતાના

---

[1] તિર્મિઝી: પુસ્તક: અલ્ મનાકિબ, પાઠ: ફી ફઝલિ અઝવાજિન્ નબિય્યિ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ, નંબર: (૩૮૯૫), આયશા રઝી અલ્લાહુ અન્હા દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે, અને ઈબ્ને માજહ: પુસ્તક: અન્ નિકાહ, પાઠ: હુસ્નિ મુઆશરતિન્ નિસાઅ, નંબર: (૧૯૭૭), ઇબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમા દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

ઘરવાળાઓ સાથે સારો વ્યવહાર કરતા નથી, અને આ એક ભૂલ છે અને વાસ્તવિકતાથી વિપરીત છે, તો પછી તમે પારકા લોકો સાથે કેવી રીતે સારો વ્યવહાર કરો છો, અને સગા સંબંધીઓ સાથે દુર્વ્યવહાર કરો છો?! કદાચ તે એમ કહે: કારણ કે મારા અને સગા સંબંધીઓ વચ્ચે ઔપચારિકતા અને સંકોચ દૂર કરવામાં મને કોઈ વાંધો જણાતો નથી, તેથી હું તેમની સાથે ખરાબ વ્યવહાર કરું છું, તો અમે કહીશું: આ યોગ્ય નથી, કારણ કે લોકોમાં તમારા સગા સંબંધીઓ તમારી સારી સંગત અને સારા વ્યવહારના સૌથી વધુ હકદાર છે;

وَلِهَذَا قَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ، مَنْ أَحَقُّ النَّاسِ بِحُسْنِ صَحَابَتِي؟ قَالَ: «أُمُّكَ». قَالَ: ثُمَّ مَنْ؟ قَالَ: «أُمُّكَ». قَالَ: ثُمَّ مَنْ؟ قَالَ: «أُمُّكَ». قَالَ: ثُمَّ مَنْ؟ قَالَ: «أَبُوكَ» [14].

અને આથી જ એક વ્યક્તિએ કહ્યું: હે અલ્લાહના પયગંબર ! હું કોની સાથે સૌથી વધારે સદ્ વ્યવહાર કરું? અને તેનો હક કોણ ધરાવે છે? કહ્યું: «તમારી માતા». તેણે કહ્યું: પછી કોણ? કહ્યું: «તમારી માતા».

તેણે કહ્યું: પછી કોણ? કહ્યું: «તમારી માતા». તેણે કહ્યું: પછી કોણ? કહ્યું: «તમારા પિતા».[1]

અને કેટલાક લોકોની બાબતમાં તેનાથી ઊલટું હોય છે, તમે જોશો કે તે પોતાની માતા સાથે ખરાબ વર્તન કરે છે, અને પોતાની પત્ની સાથે સારું વર્તન કરે છે, આમ તે પોતાની માતા પ્રત્યેની ભલાઈ કરતાં પોતાની પત્ની સાથેના સારા વર્તનને પ્રાધાન્ય આપે છે.

સારાંશ એ છે કે: ઘરવાળાઓ, સાથીઓ અને સગા સંબંધીઓ સાથે સદ્‌વ્યવહાર, આ બધું સારી રીતભાતનો ભાગ છે.

અને આપણે આ ઉનાળુ કેન્દ્રમાં યુવાનોની ઉપસ્થિતિનો એ રીતે લાભ ઉઠાવવો જોઈએ કે આપણે તેમને સારી નૈતિકતાની તાલીમ આપીએ; જેથી કરીને આ કેન્દ્ર શિક્ષણ અને તરબિયતનું કેન્દ્ર બની જાય; કારણ કે તરબિયત વિનાના ઇલ્મનું નુકસાન તેના લાભ કરતાં

---

[1] સહીહ બુખારી: પુસ્તક: અલ્ અદબિ, પાઠ: મન્ અહક્કુન્ નાસિ બિહુસ્નિસ સુહબતિ, નંબર: (૫૯૭૧), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ બિર્રિ વસ્ સિલતિ વલ્ આદાબિ, પાઠ: બિર્રિલ વાલિદૈનિ વ અન્નહુમા અહક્કુ બિહી, નંબર: (૨૫૪૮) અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે.

વધુ હોઈ શકે છે, પરંતુ તરબિયતની સાથે ઇલ્મ તેના ઇચ્છિત પરિણામ સુધી પહોંચાડે છે; અને આ જ કારણે અલ્લાહ તઆલાએ કહ્યું:

﴿مَا كَانَ لِبَشَرٍ أَن يُؤْتِيَهُ ٱللَّهُ ٱلْكِتَٰبَ وَٱلْحُكْمَ وَٱلنُّبُوَّةَ ثُمَّ يَقُولَ لِلنَّاسِ كُونُوا۟ عِبَادًا لِّي
مِن دُونِ ٱللَّهِ وَلَٰكِن كُونُوا۟ رَبَّٰنِيِّـۧنَ بِمَا كُنتُمْ تُعَلِّمُونَ ٱلْكِتَٰبَ وَبِمَا كُنتُمْ تَدْرُسُونَ79﴾

{કોઇ એવા વ્યક્તિને જેને અલ્લાહ તઆલા કિતાબ, હિકમત અને પયગંબરી આપે, તે વ્યક્તિ પણ એવું નથી કહી શકતો કે તમે અલ્લાહ તઆલાને છોડીને મારા બંદાઓ બની જાઓ, પરંતુ તે તો કહેશે કે તમે સૌ પાલનહારના બની જાઓ, તમારા કિતાબ શીખવાડવાના કારણે અને તમારા કિતાબ પઢવાના કારણે (તેની તાલિમ આ પ્રમાણે છે) ૭૯}. [આલિ ઇમરાન: ૭૯].

ઇલ્મ (જ્ઞાન) નો ફાયદો એ છે કે વ્યક્તિ રબ્બાની બની જાય, જેનો અર્થ એ છે કે તે અલ્લાહના બંદાઓની અલ્લાહની શરીઅત પર તરબિયત કરનાર બને, તેથી આ એવા કેન્દ્રો છે જેના સંચાલકોથી અમે આશા રાખીએ છીએ કે તેઓ તેને ઉત્તમ અખ્લાકમાં આગળ વધવા માટેનું સ્ત્રોત બનાવે, અને તેમાંથી સારા અખ્લાક પણ એક છે.

અને અમે પહેલાં જણાવી ચૂક્યા છીએ કે સારા અખ્લાક સ્વભાવિક પણ હોય છે અને પ્રયત્નથી પણ કેળવાયેલા હોય છે, અને સ્વભાવિક સારા અખ્લાક એ પ્રયત્નથી કેળવાયેલા સારા અખ્લાક કરતાં વધારે સંપૂર્ણ હોય છે, અને અમે આ બાબતે દલીલ પણ રજૂ કરી છે, અને તે રસૂલ ﷺ નું અશજ્જ અબ્દુલ કૈસને કહેલું આ ફરમાન છે:

«بَلِ اللَّهُ جَبَلَكَ عَلَيْهِمَا» [15].

«પરંતુ અલ્લાહ તઆલાએ તમને તેના પર પેદા કર્યા છે».[1]

અને કારણ કે સ્વભાવગત સારા અખ્લાક ઇન્સાનથી દૂર થતા નથી, પરંતુ પ્રયત્નપૂર્વક કેળવેલા સારા અખ્લાક ઘણા પ્રસંગોએ ઇન્સાનથી છૂટી જાય છે, કારણ કે તેને મહાવરા અને મહેનતની જરૂર પડે છે, અને

[1] સુનન અબૂ દાવૂદ, કિતાબિઃ અલ્ અદબ, પાઠઃ ફી કબીલતિર્ રજુલિ, હદીષ નંબરઃ (૫૨૨૫), ઝારિઅ રઝી અલ્લાહુ અન્હુની હદીષ માંથી, અને તેઓ અબ્દુલ્ કૈસના વફ્દમાં હતા, અને તિર્મિઝીઃ અબ્વાબિઃ અલ્ બિર્રિ વસ્ સિલતિ, પાઠઃ મા જાઅ ફિલ અનાતિ વલ્ અજલતિ, હદીષ નંબરઃ (૨૦૧૧), ઇબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમાની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે.

ઇન્સાનને ઉશ્કેરનારી દરેક બાબતની હાજરી વખતે તેને યાદ રાખવાની આવશ્યકતા હોય છે;

وَلِهَذَا جَاءَ رَجُلٌ إِلَى رَسُولِ اللَّهِ ﷺ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ، أَوْصِنِي. قَالَ: «لَا تَغْضَبْ»، فَرَدَّدَ مِرَارًا، قَالَ: «لَا تَغْضَبْ»[16]،

અને આ જ કારણે એક વ્યક્તિ અલ્લાહના પયગંબર ﷺ પાસે આવ્યો અને કહ્યું: હે અલ્લાહના પયગંબર ! મને વસિયત કરો, આપ ﷺ એ કહ્યું «ગુસ્સો ન કર», તે વારંવાર પૂછતો રહ્યો અને આપ ﷺ કહેતા રહ્યા: «ગુસ્સો ન કર»,[1] અને આપ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમએ કહ્યું:

«لَيْسَ الشَّدِيدُ بِالصُّرَعَةِ، إِنَّمَا الشَّدِيدُ الَّذِي يَمْلِكُ نَفْسَهُ عِنْدَ الْغَضَبِ»[17].

«શક્તિશાળી તે નથી, જે પહેલવાન હોય, પરંતુ શક્તિશાળી તે છે, જે ગુસ્સાના સમયે પોતાના પર કાબુ ધરાવતો હોય».[2]

---

[1] આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહ એ વર્ણન કરી છે: કિતાબુલ અદબ, બાબ અલ્ હઝર મિનલ ગઝબ, (હદીષ નંબર: ૬૧૧૬), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા રિવાયત કરી છે.

[2] સહીહ બુખારી: પુસ્તક: અલ્ અદબ, પાઠ: અલ્ હઝરુ મિનલ્ ગઝબિ, નંબર: (૬૧૧૪), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ બિર્રિ વસ્ સિલતિ વલ્ આદાબિ, પાઠ: ફઝલુ મન્ યમ્લિકુ નફ્સહૂ ઇન્દલ્ ગઝબિ, નંબર: (૨૬૦૯), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

અને 'સુરઅહ' (પહેલવાન): તે છે, જે લોકોને પછાડે છે, જેમ કે 'હુમઝહ' અને 'લુમઝહ', તો 'હુમઝહ' એટલે કે જે લોકોની નિંદા કરે છે, અને 'લુમઝહ' એટલે કે જે લોકોમાં ખામીઓ કાઢે છે, તેથી શક્તિશાળી તે નથી, જે લોકોને પછાડે છે અને તેમને હરાવે છે.

«إِنَّمَا الشَّدِيدُ الَّذِي يَمْلِكُ نَفْسَهُ عِنْدَ الْغَضَبِ» [18]،

«શક્તિશાળી તે છે, જે ગુસ્સાના સમયે પોતાના પર કાબુ ધરાવતો હોય»,[1] તો જે પોતાના નફસને હરાવે છે અને ગુસ્સાના સમયે તેના પર કાબુ ધરાવે છે, હકીકતમાં તે જ શક્તિશાળી છે, અને ગુસ્સાના સમયે માણસનો પોતાના નફસ પર કાબુ રાખવો સારા અખ્લાકમાંથી ગણવામાં આવે છે.

તો જ્યારે તમને ગુસ્સો આવે તો ગુસ્સા પર અમલ ન કરો, પરંતુ ધૃતકારેલા શેતાનથી અલ્લાહ પાસે પનાહ માંગો, અને જો તમે ઊભા હોવ તો બેસી જાવ, બેઠા હોવ

---

[1] સહીહ બુખારી: પુસ્તક: અલ્ અદબ, પાઠ: અલ્ હઝરુ મિનલ્ ગઝબિ, નંબર: (૬૧૧૪), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ બિર્રિ વસ્ સિલતિ વલ્ આદાબિ, પાઠ: ફઝલિ મન્ યમલિકુ નફસહૂ ઇન્દલ્ ગઝબિ, નંબર: (૨૬૦૯), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

તો સૂઈ જાવ, અને જો તમારો ગુસ્સો વધી જાય તો વુઝૂ કરી લો, ત્યાં સુધી કે તે તમારાથી દૂર થઈ જાય.

વાતનો સારાંશ એ છે કે: સ્વભાવિક રીતે સારા અખ્લાક એ પ્રયત્નપૂર્વક કેળવેલા સારા અખ્લાક કરતાં વધુ શ્રેષ્ઠ છે; કારણ કે તે ઇન્સાનનો મૂળ સ્વભાવ હોય છે અને દરેક પરિસ્થિતિમાં તેના માટે સરળ રહે છે, પરંતુ પ્રયત્નપૂર્વક કેળવેલો સ્વભાવ કેટલીક પરિસ્થિતિઓમાં તેનાથી છૂટી જાય છે.

અને તેવી જ રીતે અમે કહીએ છીએ: ખરેખર સારા અખ્લાક પ્રાપ્ત કરી શકાય છે, જેનો અર્થ એ છે કે માણસ પોતાના આત્માને કેળવે, જેથી માણસ કેટલીક બાબતો દ્વારા સારા અખ્લાકવાળો બની જાય છે, જેમાંથી આ મુજબ છે:

પ્રથમ: અલ્લાહની કિતાબ અને તેના પયગંબર ﷺ ની સુન્નતમાં જોવું: એવા સ્પષ્ટ વર્ણનો પર ધ્યાન આપવું જે તે મહાન અખ્લાકની પ્રશંસા દર્શાવતા હોય, અને એક મોમિન જ્યારે આવા વર્ણનો જુએ છે જે કોઈ અખ્લાક અથવા કર્મોની પ્રશંસા કરતા હોય, તો તે તેના પર અમલ કરે છે.

બીજું: એવા લોકોની સંગત અપનાવે જેઓ સારા અખ્લાક બાબતે જાણીતા હોય, અને નબી ﷺ એ પોતાના કથનમાં આ બાબતે ઈશારો કર્યો છે:

«مَثَلُ الْجَلِيسِ الصَّالِحِ وَالجَلِيسِ السُّوءِ كَحَامِلِ المِسْكِ وَنَافِخِ الكِيرِ، فَحَامِلُ المِسْكِ إِمَّا أَنْ يُحْذِيَكَ، وَإِمَّا أَنْ تَبْتَاعَ مِنْهُ، وَإِمَّا أَنْ تَجِدَ مِنْهُ رِيحًا طَيِّبَةً، وَنَافِخُ الكِيرِ إِمَّا أَنْ يَحْرِقَ ثِيَابَكَ، وَإِمَّا أَنْ تَجِدَ مِنْهُ رِيحًا خَبِيثَةً» [19].

«સારા અને ખરાબ દોસ્તનું ઉદાહરણ એવું છે, જેમકે અત્તર વેચનાર અને ભઠ્ઠી સળગાવનાર, અત્તર વેચનાર: તમને અત્તર ભેટમાં આપશે અથવા તમે તેની પાસેથી ખરીદી લેશો, અથવા તો તમને તેની પાસેથી સુગંધ જ લેશો, અને ભઠ્ઠી સળગાવનાર: જે તમારા કપડાં સળગાવી દેશે અથવા તો તમને તેની પાસેથી દુર્ગંધ જ આવશે».[1]

તેથી દરેક યુવાનો માટે જરૂરી છે કે તેઓ એવા લોકોની સંગત અપનાવે જેઓ સારા અખ્લાકથી ઓળખાય છે અને ખરાબ અખ્લાક તેમજ તુચ્છ કાર્યોથી

---

[1] સહીહ બુખારી ફી કિતાબિઝ ઝબાઇહ વસ્ સૈદ, બાબુલ્ મિસ્ક, હદીષ નંબર (૫૫૩૪), મુસ્લિમ ફી કિતાબિલ્ બિર્રિ વસ્ સિલહ, બાબુ ઇસ્તિહબાબિ મજાલસતિસ્ સાલિહીન, નંબર (૨૬૨૮) અબી મૂસા અલ્ અશ્અરી રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ રિવાયત કરવામાં આવી છે.

દૂર રહે; જેથી તેઓ આ સંગતમાંથી એવી તાલીમ મેળવી શકે જે તેમને સારા અખ્લાક અપનાવવામાં મદદરૂપ થાય.

ત્રીજું: વ્યક્તિએ એ વિચાર કરવો જોઈએ કે તેના ખરાબ અખ્લાકનું પરિણામ શું આવશે; કારણકે ખરાબ અખલાકવાળો વ્યક્તિ ધિક્કારપાત્ર હોય છે, ખરાબ અખલાકવાળાને લોકો તરછોડી દે છે, અને ખરાબ અખ્લાકવાળાને ખરાબ શબ્દોથી યાદ કરવામાં આવે છે. તો જ્યારે વ્યક્તિને એ ખબર પડે કે ખરાબ અખ્લાક તેને આ પરિણામ સુધી પહોંચાડશે, તો તે તેનાથી જરૂર દૂર રહેશે.

*

## શ્રેષ્ઠ આદર્શ ﷺ

અને આપણા માટે પયગંબર શ્રેષ્ઠ આદર્શ છે, તેથી નબી ﷺ મખ્લૂકમાં સૌથી વધારે ઉત્તમ અખ્લાક (ચરિત્ર) વાળા છે; કારણ કે અલ્લાહ તઆલાએ તેમના વિશે કહ્યું:

﴿وَإِنَّكَ لَعَلَىٰ خُلُقٍ عَظِيمٍ4﴾

{અને નિ:શંક તમે ખૂબ જ શ્રેષ્ઠ (ઉત્તમ) ચરિત્રવાળા છો ૪}. [અલ્ કલમ: ૪], નબી ﷺ ના સમયમાં બનેલી ઘટનાઓ અને પ્રસંગો આપ ﷺ ના ઉચ્ચ અખ્લાક દર્શાવે

છે, બલ્કે આપ ﷺ બાળકો સાથે પણ ઉત્તમ અખ્લાક (ચરિત્ર) વાળા હતા; આપ તેઓની સાથે નરમીથી વર્તતા અને તેઓને રમાડતા હતા, જેમ કે આપ એક બાળકને કહેતા હતા:

«يَا أَبَا عُمَيْرٍ، مَا فَعَلَ النُّغَيْرُ؟» [20]،

«હે અબૂ ઉમૈર! નુગૈરનું શું થયું?»,[1] અબૂ ઉમૈર એક નાના બાળકની કુન્નિયત (ઉપનામ) છે, અને તેની પાસે (નુગૈર) હતું, જે ચકલી જેવું એક નાનકડું પંખી હતું, આ નુગૈર મરી ગયું, જેના કારણે બાળક ઉદાસ અને ગમગીન થઈ ગયો, તો નબી ﷺ તેની સાથે પ્રેમથી મજાક કરતા કહ્યું: «હે અબૂ ઉમૈર! નુગૈરનું શું થયું?».

એક ગામડિયો આવ્યો અને મસ્જિદમાં પેશાબ કરવા લાગ્યો, તો લોકોએ તેને સખતીથી ધમકાવ્યો અને રોક્યો, તો નબી ﷺ એ તેઓને રોક્યા, પછી જ્યારે તેણે પેશાબ કરી લીધી તો આપ ﷺ એ પાણીની એક ડોલ લાવવાનો

---

[1] સહીહ બુખારી: પુસ્તક: અલ્ અદબ, પાઠ: અલ્ ઇમ્બિસાતિ ઇલન્ નાસિ, નંબર: (૬૧૨૯), સહીહ મુસ્લિમ: પુસ્તક: અલ્ આદાબ, પાઠ: ઇસ્તિહબાબિ તહનીકિલ્ મવલૂદિ ઈન્દ વિલાદતિહી, નંબર: (૨૧૫૦) અનસ રઝી અલ્લાહુ અન્હુની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે.

આદેશ આપ્યો અને તેને પેશાબ પર રેડી દેવામાં આવ્યું, પછી આપ ﷺ એ તે ગામડિયાને બોલાવ્યો અને તેને કહ્યું:

«إِنَّ هَذِهِ المَسَاجِدَ لَا يَصْلُحُ فِيهَا شَيْءٌ مِنَ الأَذَى أَوِ القَذَرِ، إِنَّمَا هِيَ لِلصَّلَاةِ وَقِرَاءَةِ القُرْآنِ» [21].

«ખરેખર આ મસ્જિદોમાં કોઈ પણ પ્રકારની ગંદકી કે નાપાકી કરવી યોગ્ય નથી, અને મસ્જિદો નમાઝ પઢવા અને કુરઆનની તિલાવત કરવા માટે હોય છે».[1] અથવા જેવું કે આપ ﷺ એ કહ્યું.

આ કિસ્સામાં સદ્ વ્યવહાર સ્પષ્ટ છે, આપે આ અઅરાબી (ગામડિયો) ને ઠપકો ન આપ્યો, અને ન તો તેને મારવાનો આદેશ આપ્યો, પરંતુ આપે તેને છોડી દીધો ત્યાં સુધી કે તેણે પેશાબ કરી લીધો, પછી તેને જણાવ્યું કે તેણે જે કર્યું તેના માટે મસ્જિદ યોગ્ય જગ્યા

---

[1] આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: પુસ્તક: અલ્ વુઝૂઅ, પાઠ: સબ્બિલ્ માઇ અલલ્ બવ્લિ, હદીષ નંબર: (૨૨૧), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: પુસ્તક: અત્ તહારહ, પાઠ: વુજૂબિ ગસ્લિલ્ બવ્લિ, હદીષ નંબર: (૨૮૫) અનસ રઝી અલ્લાહુ અન્હુ દ્વારા આ હદીષ વર્ણન કરવામાં આવી છે.

નથી, તે તો માત્ર નમાઝ, ઝિક્ર અને કુર્આનની તિલાવત માટે છે.

એક વ્યક્તિ રમજાનમાં આપ પાસે આવ્યો અને કહ્યું: હે અલ્લાહના પયગંબર ! હું બરબાદ થઈ ગયો!! તો નબી ﷺ એ તેને કહ્યું:

«وَمَا أَهْلَكَكَ؟»، قَالَ الرَّجُلُ: وَقَعْتُ عَلَى امْرَأَتِي فِي رَمَضَانَ وَأَنَا صَائِمٌ، فَلَمْ يُوَبِّخْهُ، وَلَمْ يَنْهَرْهُ، بَلْ قَالَ لَهُ: «فَهَلْ تَجِدُ مَا تُعْتِقُ رَقَبَةً؟» قَالَ: لَا. قَالَ: «فَهَلْ تَسْتَطِيعُ أَنْ تَصُومَ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ؟» قَالَ: لَا. قَالَ: «فَهَلْ تَجِدُ مَا تُطْعِمُ سِتِّينَ مِسْكِينًا؟» قَالَ: لَا. ثُمَّ جَلَسَ، فَأُتِيَ النَّبِيُّ ﷺ بِعَرَقٍ فِيهِ تَمْرٌ، فَأَعْطَاهُ إِيَّاهُ وَقَالَ لَهُ: «تَصَدَّقْ بِهَذَا»، فَقَالَ الرَّجُلُ: أَعَلَى أَفْقَرَ مِنَّا؟! فَمَا بَيْنَ لَابَتَيْهَا أَحْوَجُ إِلَيْهِ مِنَّا، فَضَحِكَ النَّبِيُّ ﷺ حَتَّى بَدَتْ أَنْيَابُهُ، ثُمَّ قَالَ: «اذْهَبْ فَأَطْعِمْهُ أَهْلَكَ» [22].

«તને કઈ વસ્તુએ હલાક (નષ્ટ) કર્યો?», તે વ્યક્તિએ કહ્યું: મેં રમઝાનમાં રોઝાની સ્થિતિમાં મારી પત્ની સાથે સહવાસ કરી લીધો, તો આપે તેને ઠપકો ન આપ્યો, અને ન તો તેને ધમકાવ્યો, પરંતુ તેને કહ્યું: «શું તું એક ગુલામને આઝાદ કરવાની શક્તિ ધરાવે છે?» તેણે કહ્યું: ના. આપે કહ્યું: «શું તું સળંગ બે મહિના રોઝા રાખી શકે છે?» તેણે કહ્યું: ના. આપે કહ્યું: «શું તારી પાસે સાઇઠ ગરીબોને ખવડાવવાની વ્યવસ્થા છે?» તેણે કહ્યું: ના. પછી તે બેસી ગયો, એટલામાં નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ પાસે ખજૂરથી ભરેલો એક ટોપલો લાવવામાં

આવ્યો, આપે તે તેને આપી દીધો અને તેને કહ્યું: «તેને સદકો કરી દે», તો તે વ્યક્તિએ કહ્યું: શું મારા કરતા પણ વધારે ગરીબ પર?! આ બંને પથરાળ મેદાનો વચ્ચે અમારા કરતાં વધુ જરૂરિયાતમંદ બીજું કોઈ નથી, નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ હસી પડ્યા અહીં સુધી કે આપના દાંત મુબારક દેખાવા લાગ્યા, પછી આપે કહ્યું: «જા અને આ તારા ઘરવાળાઓને ખવડાવી દે».[1]

આ ઘટનામાં આપ ﷺ નું ઉત્તમ ચરિત્ર સ્પષ્ટ છે, કેમ કે આપ ﷺ એ આ વ્યક્તિને ન તો ધમકાવ્યો ન તો તેને અપશબ્દો કહ્યા, અને ન તો તેને ઠપકો આપ્યો. આ આપ ﷺ ની સહનશીલતા અને હિકમતના કારણે હતું, કારણ કે આપ ﷺ એ જોયું કે આ વ્યક્તિ પસ્તાવો કરતો, તૌબા કરતો અને ડરેલો આવ્યો છે, તેથી આપ ﷺ ને લાગ્યું કે તે ઠપકાનો હકદાર નથી, પરંતુ તેને સત્યની જાણ

[1] સહીહ બુખારી: પુસ્તક: અસ્ સૌમ, પાઠ: ઇઝા જામઅ ફી રમઝાન વલમ યકુન લહૂ શયઉન્ ફતસદ્દક અલયહિ ફલ્યુકફ્ફિર, નંબર: (૧૯૩૬), સહીહ મુસ્લિમ: પુસ્તક: અસ્ સિયામિ, પાઠ: તગ્લીઝિ તહરીમિલ્ જિમાઇ ફી નહારિ રમઝાન અલસ્ સાઇમિ, નંબર: (૧૧૧૧), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુની હદીષ માંથી વર્ણન કરવામાં આવી છે.

કરવામાં આવે, અને તેની સાથે નરમીથી વર્તન કરવામાં આવે.

મસ્અલો: ઘણા લોકો તરફથી એવું કહેવામાં આવે છે કે પશ્ચિમી લોકો તેમના વ્યવહાર અને લેવડ-દેવડમાં વધુ સારા અખલાક ધરાવે છે, જ્યારે કે આપણા મુસલમાનો વચ્ચે છેતરપિંડી, જૂઠાણું અને ખોટા સોગંદ ખાઈને માલ વેચવાનું જોવા મળે છે, તો તેનું કારણ શું છે? અને શું તેમની ઔદ્યોગિક પ્રગતિની તેમના અખલાકના નિર્માણમાં કોઈ મોટી અસર છે?

જવાબ: આપ ﷺ એ કહ્યું:

«لَوْ يُعْطَى النَّاسُ بِدَعْوَاهُمْ، لَادَّعَى رِجَالٌ دِمَاءَ قَوْمٍ وَأَمْوَالَهُمْ، وَلَكِنَّ الْبَيِّنَةَ عَلَى الْمُدَّعِي» [23]،

«જો લોકોને તેમના દાવા પ્રમાણે આપવામાં આવે, તો કેટલાક લોકો બીજાના જાન અને માલનો દાવો કરવા લાગશે, પરંતુ આમ નથી, શરીઅતનો કાયદો એ છે કે દાવો કરનારે દલીલ આપવી પડશે»,[1] અને લોકો વચ્ચે જે એ વાત મશહૂર છે કે પશ્ચિમના લોકો વ્યવહારમાં સારા અખ્લાકવાળા હોય છે, તો આ વાત સાચી નથી,

[1] જુઓ: જાહિઝની કિતાબ: અલ્ હયવાન (૩/૨૨૬), ઉયૂનુલ્ અખ્બાર (૩/૧૬), અને અલ્ અક્દુલ્ ફરીદ (૨/૧૯૪).

કારણ કે તેમના ખરાબ વ્યવહાર વિશે તે જ જાણે છે જે તેમની પાસે ગયો છે, અને તેમને ન્યાય અને ઇન્સાફની નજરે જોયા છે, નહીં કે તે વ્યક્તિ જેણે તેમને સન્માન અને મોટાઈની નજરે જોયા હોય, શાયરે કહ્યું: અને પ્રસન્નતાની નજર દરેક ખામી પ્રત્યે અંધ હોય છે *** જેવી રીતે નારાજગીની નજર બુરાઈઓને જાહેર કરે છે.[1]

અને ખરેખર મને પશ્ચિમમાં ગયેલા ઘણા યુવાનોએ સૌથી ખરાબ વ્યવહારના કૃત્યો વિશે જણાવ્યું છે, પરંતુ તેઓ લેવડ દેવડમાં જે કંઈ નસીહત કરે છે, તો તે એટલા માટે નથી કે તેઓ સારા ચરિત્રના લોકો છે, પરંતુ એટલા માટે કે તેઓ ભૌતિકતાના પૂજારી છે. અને માનવી આ બાબતોમાં પોતાના વ્યવહારમાં જેટલો વધુ નસીહત

[1] આ હદીષને ઈમામ બુખારી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, પુસ્તક: કુરઆનની સમજુતી, પાઠ: {નિઃશંક જે લોકો અલ્લાહ તઆલાના વચન અને પોતાની સોગંદોને નજીવી કિંમતે વેચી નાખે છે તેઓ માટે આખિરતમાં કોઇ ભાગ નથી...} [આલ ઇમરાન: ૭૭], હદીષ નંબર: (૪૫૫૨), અને ઈમામ મુસ્લિમ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે, પુસ્તક: ચુકાદાઓ, પાઠ: જેના પર દાવો કરવામાં આવ્યો હોય તેના પર સોગંદ છે, હદીષ નંબર: (૧૭૧૧), ઇબ્ને અબ્બાસ રઝી અલ્લાહુ અન્હુમાની હદીષથી.

કરનાર હોય છે, લોકો તેના તરફ એટલા જ વધુ આકર્ષિત થાય છે, અને તેની વસ્તુઓ ખરીદવામાં તથા તેનો પ્રચાર કરવામાં વધુ ઝડપ દાખવે છે.

તો તેઓ આ એટલા માટે નથી કરતા કે તેઓ સંપૂર્ણ અખ્લાકવાળા છે, પરંતુ એટલા માટે કે તેઓ ભૌતિકવાદી (માલ-મિલકતવાળા) છે, અને તેઓ પોતાના માલમાં વધારો કરવા માટે સારા વ્યવહારને સૌથી મોટી જાહેરાત માને છે, જેથી આ બાબતો સ્વીકાર્ય બને, નહીંતર તેઓ એવા જ છે જેવું સર્વ શ્રેષ્ઠ અલ્લાહએ પોતાના કુરઆન મજીદમાં તેમના વિશે વર્ણન કર્યું છે:

﴿إِنَّ ٱلَّذِينَ كَفَرُواْ مِنۡ أَهۡلِ ٱلۡكِتَٰبِ وَٱلۡمُشۡرِكِينَ فِي نَارِ جَهَنَّمَ خَٰلِدِينَ فِيهَآۚ أُوْلَٰٓئِكَ هُمۡ شَرُّ ٱلۡبَرِيَّةِ6﴾

{અહલે કિતાબ અને મુશરિક લોકો માંથી જે લોકોએ કુફ્ર કર્યું, તે સૌ જહન્નમની આગમાં જશે, જ્યાં તેઓ હંમેશા રહેશે. આ લોકો દરેક સર્જનીઓ માંથી દુષ્ટ સર્જન છે ૬}. [અલ્ બય્યિનહ: ૬], અને હું નથી માનતો કે કાફિરો (ઇન્કારીઓ) વિશે ઉચ્ચ અને મહાન અલ્લાહના વર્ણન કરતાં અન્ય કોઈનું વર્ણન વધુ સાચું હોઈ શકે; કેમ કે તેઓ સૌથી ખરાબ સર્જન છે, અને એવી કૌમ પાસેથી એવી ભલાઈની અપેક્ષા કેવી રીતે રાખી શકાય જેનો

ઉદ્દેશ્ય માત્ર ભલાઈ જ હોય, જ્યારે કે અલ્લાહે તેમને સૌથી ખરાબ સર્જન ગણાવ્યા છે? હું નથી માનતો કે આવું ક્યારેય બની શકે, પરંતુ આ વ્યવહારોમાં તેમનામાં જે કંઈ પણ સચ્ચાઈ, સ્પષ્ટતા અને હિતચિંતન જોવા મળે છે, તેનો તેમની દૃષ્ટિએ કોઈ અન્ય હેતુ હોય છે, અને તે છે નામના અને કમાણી પ્રાપ્ત કરવી. નહીંતર, જેણે ઘણી જગ્યાએ મખ્લૂક (સર્જન) પર તેમનો જુલમ (અત્યાચાર), તેમની જબરદસ્તી અને તેમની જોહુકમીને જોઈ હશે, તે અલ્લાહ તઆલાના આ કથનની સત્યતા જાણી જશે:

﴿...أُوْلَٰٓئِكَ هُمۡ شَرُّ ٱلۡبَرِيَّةِ﴾.

{...આ લોકો દરેક સર્જનીઓ માંથી દુષ્ટ સર્જન છે}.

અને રહી વાત લેવડ-દેવડમાં છેતરપિંડી, જૂઠ અને દગાની જે ઘણા મુસ્લિમોમાં જોવા મળે છે, તો આ મુસ્લિમોના ઇસ્લામ અને ઈમાનમાં તેટલા જ પ્રમાણમાં કમી આવી છે જેટલા પ્રમાણમાં તેમણે આ બાબતોમાં શરિઅતનો વિરોધ કર્યો છે.

તેથી કેટલાક મુસલમાનોનું ઉલ્લંઘન કરવું અને આવી બાબતોમાં શરીઅતના દાયરાની બહાર જવાનો અર્થ એ નથી કે શરીઅતમાં કોઈ કમી છે, કારણકે શરીઅત સંપૂર્ણ

છે. અને આ એ લોકો છે જેમણે સૌથી પહેલા પોતાની જાતને નુકસાન પહોંચાડ્યું છે, પછી ઇસ્લામની શરીઅતને, પછી પોતાના મુસલમાન ભાઈઓને, અને પછી એ બિન-મુસલમાનોને જેમની સાથે તેઓ વ્યવહાર કરે છે. હકીકતમાં આ લોકોએ માત્ર પોતાની જાતને જ નુકસાન પહોંચાડ્યું છે, અને એક સમજદાર વ્યક્તિ કોઈ કાર્ય કરનારના ખરાબ કાર્યને તે શરીઅતની ખામી નથી ગણતો જેને તેણે અપનાવી છે.

તેથી, હું દરેક મુસલમાનોને વિનંતી કરૂં છું કે તેઓ આ બાબતો સામે લડવા માટે એક મજબૂત ઝુંબેશ ચલાવે, જેને ઇસ્લામ સ્વીકારતો નથી, જેમ કે જૂઠું, ખિયાનત (દગો), છેતરપિંડી, છળકપટ અને તેના જેવી અન્ય બાબતો.

મસ્અલો: આ બંનેમાંથી કોણ સૌથી શ્રેષ્ઠ છે: તે વ્યક્તિ જે દીનમાં ઉણપ ધરાવતો હોય, પરંતુ તેના અખ્લાક સારા હોય, કે પછી તે વ્યક્તિ જે શરિઅતના પાલનમાં સંપૂર્ણતાની નજીક હોય પરંતુ તેના અખ્લાક ખરાબ હોય? અને આ બાબતનો આપ ﷺ ના આ આદેશ સાથે શું સંબંધ છે:

«ذَهَبَ حُسْنُ الْخُلُقِ بِخَيْرِ الدُّنْيَا وَالْآخِرَةِ» [25]،

«સારા અખ્લાક દુનિયા અને આખેરતની ભલાઈઓ લઈને આવે છે»,[1] અને ઉમ્મે સલમાને આપેલા નબી ﷺ ના જવાબમાં?

જવાબ: એમાં કોઈ શંકા નથી કે સંપૂર્ણ અખ્લાક એ દીનની સંપૂર્ણતામાંથી છે, જેમ કે નબી ﷺ થી સાબિત છે કે આપ ﷺ એ કહ્યું:

«أَكْمَلُ الْمُؤْمِنِينَ إِيمَانًا أَحْسَنُهُمْ خُلُقًا» [26].

«સંપૂર્ણ મોમિન તે છે, જેના અખ્લાક સૌથી સારા હોય».[2]

---

[1] આ હદીષને ઈમામ અબ્દ બિન હુમૈદ રહિમહુલ્લાહએ "મુસ્નદ" માં વર્ણન કરી છે, હદીષ નંબર: (૧૨૧૦), ઈમામ ખરાઈતી રહિમહુલ્લાહએ "મકારિમુલ અખ્લાક" માં વર્ણન કરી છે, હદીષ નંબર: (૫૦), અને ઈમામ તબ્રાની રહિમહુલ્લાહએ "અલ્ કબીર" માં વર્ણન કરી છે, નંબર: (૨૩/૨૨૩), આ હદીષને અનસ રઝી અલ્લાહુ અન્હુએ રિવાયત કરી છે.

[2] આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: કિતાબ અસ્ સુન્નહ, બાબ અદ્ દલીલ અલા ઝિયાદતિલ ઈમાન વ નુક્સાનિહી, હદીષ નંબર: (૪૬૮૨), અને ઈમામ તિર્મિઝી રહિમહુલ્લાહએ વર્ણન કરી છે: કિતાબ અર્ રદાઅ, બાબ મા જાઅ ફી હક્કિલ મરઅતિ અલા ઝવ્જિહા, હદીષ નંબર: (૧૧૬૨), અબૂ હુરૈરહ રઝી અલ્લાહુ અન્હુની હદીષમાંથી.

આથી, જો કોઈના અખ્લાક અધૂરા છે, તેનો ધર્મ અધૂરો છે; કારણ કે ધર્મની સંપૂર્ણતા અખ્લાકની સંપૂર્ણતાથી છે. અને જેવું કે અમે ઉલ્લેખ કર્યો છે કે સારા અખ્લાક સર્જક સાથેના વ્યવહાર અને સર્જન સાથેના વ્યવહારમાં જોવા મળે છે, તેથી એ સ્પષ્ટ થાય છે કે અખ્લાકની સંપૂર્ણતા ધર્મની સંપૂર્ણતાથી જ હોય છે. અને આના પરથી, અન્ય લોકોને ઇસ્લામ અને ધર્મ તરફ લાવવામાં સંપૂર્ણ અખ્લાકવાળા વ્યક્તિનો પ્રભાવ, ખરાબ અખ્લાકવાળા ધાર્મિક વ્યક્તિના પ્રભાવ કરતાં વધુ હોય છે. તેથી જો ઉપાસનામાં મજબૂત વ્યક્તિને સારા અખ્લાક ધરાવવાની તૌફીક મળે, તો તે વધુ સંપૂર્ણ છે. પરંતુ જે પોતાની અંગત ઉપાસનામાં મજબૂત હોય પરંતુ તેના અખ્લાક ખરાબ હોય, તેની સરખામણી કરવી; તે એક એવી બાબત છે જેને નિર્ધારિત કરવી શક્ય નથી.

અમે અલ્લાહથી દુઆ કરીએ છીએ કે તે આપણને પોતાની કિતાબ અને પોતાના રસૂલ ﷺ ની સુન્નત પર જાહેર અને બાતીન રીતે અડગ રાખે, અને તેના પર જ આપણને મૃત્યુ આપે, અને દુનિયા તથા આખિરતમાં આપણને પોતાની જવાબદારી હેઠળ લઇ લે, અને

હિદાયત આપ્યા પછી આપણા દિલોમાં શંકા ઉભી ન કરે, અને આપણને તેની પાસેથી રહ્મત આપે, નિઃશંક તે શ્રેષ્ઠ આપવાવાળો છે.

*

# અનુક્રમણિકા

શ્રેષ્ઠ શિષ્ટાચાર ........ 2
શ્રેષ્ઠ શિષ્ટાચાર ........ 2
"બિસ્મિલ્લાહિર્ રહમાનિર્ રહીમ" (શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે)........ 3
સારા અખ્લાકના ક્ષેત્રો........ 11
શ્રેષ્ઠ આદર્શ ﷺ ........ 46

gu142v2.0 - 03/09/2026